Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 22 - Issue : 11

August, 2018





જેમણે આ મારૂં કેટકેટલું કામ કર્યું છે, તેમનો આભાર કયા શબ્દોમાં માનું ! હૃદયની એવી આ ભાવના તો શ્રીગુરુમહારાજની જ હોય. તેમ તેમનો ભેટો ગુરુએ જ કરાવી આપ્યો છે. મારા ઊંડા હૃદયથી તેમનું ક્ષેમકલ્યાણ થશે. ભગવાન ભલું કરજો.

- શ્રીમોટા

(પૂજ્ય શ્રીમોટાના અંતિમ પત્રો પૈકી એક પત્ર)
પ્રેષક : હરિઃૐ આશ્રમ, સુરત

॥હરિઃૐ॥

## 'હરિભાવ'ના આદ્ય સંપાદક પ્રો. ડૉ. રમેશ મ. ભટ્ટના દેહાંતદિન તા. ૧૫, ઑગસ્ટ, ૨૦૦૩ના નિમિત્તે સ્મરણાંજલિ

પૂજ્ય શ્રીદાસાનુદાસ સાથે શ્રી રમેશ ભટ્ટ





**પ્રમાદે સૌ પડેલાં ને વળી બુદ્ધિ થકી રૂડા,**
**લડાવી કૈંક તુક્કા ને ફાંકામાં શા ફરી રહ્યા !**
**એવા મારા સમા કૈંને જગાડવા કરી કૃપા.**

- શ્રી રમેશ ભટ્ટ

*તા. ૬-૮-૧૯૭૨, અમદાવાદ*
*'કૃપા', પ્ર. આ., પૃ. ૧૨૬*





પૂજ્ય શ્રીમોટા અને પૂજ્ય શ્રીદાદા ભગવાન સાથે શ્રી રમેશ ભટ્ટ

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૨ અંક : ૧૧ ઑગષ્ટ, ૨૦૧૮

## અનુક્રમ

૧. 'બાયોગ્રાફી ભવિષ્યમાં થાય તો' શ્રીમોટા ......... સંપાદક ૪
૨. અંતર્મુખતા ભાવ પ્રગટાવે છે અને ભાવ શક્તિને ઊર્ધ્વગામી બનાવે છે .......................... શ્રીમોટા ૬
૩. નિર્જીવ વસ્તુમાં પરમેશ્વરી સાક્ષાત્કાર .. શ્રીઉપાસની બાબા ૭
૪. પૂજ્ય શ્રીમોટા સાથેના અમારા પ્રસંગો ................. ............................. કપિલાબહેન આર. ભટ્ટ ૯
૫. સંસાર તમારો અને અમારો .................... શ્રીમોટા ૧૬
૬. નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન ................ ............................ સ્વામી પ્રેમાનંદ સરસ્વતી ૧૭
૭. પૂજ્ય શ્રીમોટા સાથેનાં સંભારણાં (૩) .... રજનીભાઈ બર્માવાળા ૧૮
૮. સાવલીના સ્વામી સાથે જ્ઞાનગોષ્ઠિ ........ પુરુરાજ જોષી ૧૯
૯. ગોધરાના બાપજી મહારાજ : (૧) ......... મુકુલ કલાર્થી ૨૧
૧૦. પૂજ્ય શ્રીમોટાની કૃપાસહાય અમે અનુભવી છે ......... ............................... શાંતિલાલ એન. પટેલ ૨૨
૧૧. શ્રી હાંસજીભાઈનું સાઈટીકાનું દર્દ શ્રીમોટાએ મટાડ્યું હતું ................................ રજનીભાઈ બર્માવાળા ૨૫

**જ્ઞાનદાન : સહયોગ**

**પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી ચંદ્રકાન્તભાઈ જ. સુરતી રહે. વડોદરા તરફથી તેમનાં સદ્ગત ધર્મપત્ની શ્રી સરલાબહેનના સ્મરણાર્થે તેમ જ તેમના શ્રેયાર્થે 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે, તે બદલ અમો એ પરિવાર પ્રત્યે આભારની ભાવના વ્યક્ત કરીએ છીએ.**

**- સંપાદક**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
Mo. / SMS / Whatsapp - 9427554391

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (એરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ
**www.hariommota.org** ઉપર
હરિભાવ ઉપલબ્ધ હોય છે.
ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

## (૧) 'બાયોગ્રાફી ભવિષ્યમાં થાય તો'...શ્રીમોટા

સંપાદક

પૂજ્ય શ્રીમોટાની એક ટેપવાણી છે. તેમાં મુખ્યત્વે ત્રણ સ્વજનોનો ઉલ્લેખ છે. તેમના જીવનમાં શ્રીમોટાની કૃપાસહાયનો અનુભવ થયો હતો. આવા પ્રસંગો કોઈ એકઠા કરી રાખે તો ભવિષ્યમાં શ્રીમોટાની બાયોગ્રાફી થાય તો તેમાં તે ઉપયોગી થઈ શકે. પુનરાવર્તન લાગે છતાં એ ટેપવાણી નીચે મુજબની છે.

**શ્રીમોટા :** 'એમનાં છોકરાની વહુ આંધળી થઈ ગયેલી. મેનિન્જાઇટીસમાં શું ? બિલકુલ આંધળી. તે દેખતી પણ બની છે.'

**સ્વજન :** પેલા લવાછાવાળા છોકરાનું પણ એવું...

**શ્રીમોટા :** હા, લવાછાવાળા છોકરાનું... જુઓને !

**સ્વજન :** અને આપણે મોટા, નડિયાદમાં... હું હતો તે વખતે...

**શ્રીમોટા :** રમણ ? રમણ તમાકુવાળો ? આ ભગવાનનું નામ કેટલું લેતો હતો ! ક્લૉરોફૉર્મ આપેલું ત્યારે પણ નામ ચાલતું હતું અને સતત બોલ્યા કરતો હતો. તે કંઈ એ બોલતો હતો ? જોઈએ તેટલા દાખલા છે. ભઈ, ધનસુખ (સુરતના સદ્‌ગત સ્વજનશ્રી-સં) તારે જરા મેળવવા-એકઠા કર. યાર તું. કોઈક એવાયે નીકળવું જોઈએ. **બાયોગ્રાફી ભવિષ્યમાં થાય !** આપણામાં કોઈ એવો છે નહિ. એવું કોઈ માણસ નીકળ્યું નહિ, કે આવા બધા દાખલા એકઠા તો કરી રાખે...

...મારા જીવનમાં ઘણા એવા દાખલા છે. હું તો કોઈને કહું કે જાવ, હું તમને સરનામાં બધાંનાં આપું. ત્યાં જઈને મળો. પૈસા મારા. જાવ ભઈ. ધનસુખ, જા તું નીકળ-પ્રવાસે-બધાંને મળી આવ. પૈસા મારા. તો તને ખાતરી થાય યાર ! કારણ કે આપણે જીવદશાવાળાં રહ્યા, તે આમેય ડોલક ખાઈએ અને આમેય ડોલક ખાઈએ... .

પ્રારંભમાં 'હરિભાવ'ના સંપાદક તરીકે સદ્‌ગત ડૉ. રમેશ મ. ભટ્ટ સાહેબે સેવાઓ આપી હતી. તે વખતે પણ ઉપરોક્ત ટેપના ઉલ્લેખ સાથે સ્વજનોને જાહેર વિનંતી કરાયેલ કે શ્રીમોટા સાથેના તેમના પ્રસંગો 'હરિવાણી ટ્રસ્ટ'ને લખી મોકલે. વળી, કોઈને લખવાની હથોટી ન હોય તો હરિવાણી ટ્રસ્ટ તરફથી તેવા સ્વજનને લહિયા તરીકે કોઈની મદદ અપાશે.

બિલકુલ આંધળી હતી, તે દેખતી બની છે એ બહેનની, શ્રી ઝીણાકાકાને સાથે રાખી મુલાકાત લઈ વિગતો મેળવી હતી અને હરિભાવમાં પ્રકાશિત કરી હતી. લવાછાના છોકરાની કે રમણ તમાકુવાળાની વિગતો તે વખતે મળેલ નહિ. હમણાં તમાકુવાળાની દીકરીએ મૌન નિવેદનમાં બધી વિગતો સ્પષ્ટ કરી છે જે હરિભાવમાં લેવાયેલ છે.

વડોદરાની શ્રેયસ સ્કૂલના સદ્‌ગત શ્રી રસિકભાઈ ભટ્ટનાં ધર્મપત્ની શ્રી કપિલાબહેનને આ બાબતમાં યાદ અપાતાં તેમના તરફથી મળેલ આખું લખાણ આ અંકમાં લેવાયું છે. ઉપરાંત, પૂજ્ય શ્રીમોટા સાથે મારો પ્રથમ વખત સંપર્ક કરાવનાર સ્ટેટ બૅંક ઑફ ઇંડિયાના અધિકારી

સદ્‌ગત શ્રી સુરેશ સંતના મિત્ર અને સ્ટેટ બૅંકમાંથી નિવૃત્ત થયેલ શ્રી શાંતિભાઈ નરસિંહભાઈ પટેલનો પણ સંપર્ક કરી તેમના પ્રસંગોને શબ્દદેહ અપાયો છે અને તેનો સમાવેશ આ જ અંકમાં કરાયો છે. શ્રી રજનીભાઈ બર્માવાલાના પ્રસંગોનો ત્રીજો હપ્તો પણ આ અંકમાં છે.

અંતમાં ફરીથી હરિભાવના વાચકો-સભ્યો અને શ્રીમોટાનાં સ્વજનોને અને તેમના વારસોને વિનંતી છે કે તેઓ તેમના જીવનના શ્રીમોટા સાથેના પ્રસંગોને શબ્દબદ્ધ કરે. શ્રીમોટાને જેઓએ સદેહે જોયા નથી તેવાં પણ અનેક સ્વજનોને બુદ્ધિ સ્વીકારે એવા અનુભવ થયા હોય છે. આ કાર્ય માટે જે કોઈને જ્યારે પણ લેખનકાર્ય માટે મદદની જરૂરિયાત જણાય તો અમોને વિના સંકોચે જણાવવા વિનંતી છે. તેઓ જે પ્રસંગો-ઘટનાઓનો ઉલ્લેખ કરશે તેને સંપાદિત કરીને જે લખાણ તૈયાર કરાશે તે ફરીથી તેઓની સંમતિ માટે અપાશે. તેઓ જેટલો ભાગ-જે રીતે વ્યક્ત કરવા ઇચ્છતા હશે તે જ પ્રમાણે તેમની ભાવનાનો પૂરો ખ્યાલ રખાશે.

કોઈ સ્વજનની એવી ઇચ્છા હોય કે તેઓને પ્રસંગોને માત્ર યોગ્ય રીતે નોંધી જ રાખવા છે અને 'હરિભાવ'માં પ્રકાશિત કરવા નથી તો તેમની ભાવનાનો પણ પૂરા આદર સાથે સ્વીકાર કરાશે. એવી નોંધ તૈયાર કરવામાં પણ અમારો સહકાર ઉપલબ્ધ રહેશે. હરિઃૐ. ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | ચંદ્રકાન્ત જ. સુરતી : સદ્‌ગત ધર્મપત્ની સરલાબહેનના સ્મરણાર્થે/શ્રેયાર્થે જ્ઞાનદાન | વડોદરા | ૧૧,૦૦૦/- |
| ૨. | પ્રભાવતીબહેન કાનજીભાઈ ભગત : જન્મદિન તા.૧૮-૮ નિમિત્તે | સુરત | ૫,૦૦૧/- |
| ૩. | જાગૃતિ જૉલીન ઠાકોર : પુત્ર શિવાંશની જ.તા. ૨૧-૮- (૧૯૧૭) નિમિત્તે | સીડની | ૧,૧૧૧/- |
| ૪. | હૃદયસ્થ પુત્ર મનસુખની પુણ્યસ્મૃતિમાં : દેહાંત તા.૨૨ જુલાઈ ૨૦૧૦ હસ્તે કમળાબા ત્રિભોવનદાસ જોષી પરિવાર | ચલથાણ (સુરત) | ૧,૧૧૧/- |
| ૫. | કપિલાબહેન રસિકભાઈ ભટ્ટ પરિવાર | વડોદરા | ૧,૧૧૧/- |
| ૬. | ભગીરથભાઈ સાધુ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૭. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૮. | સ્વ. કુસુમબહેન આર. ચપટવાલા પરિવાર તરફથી કુસુમબહેનના દેહાંત તા.૬-૭-૨૦૧૮ નિમિત્તે | સુરત | ૧,૦૦૦/- |
| ૯. | જ્યોતીન્દ્ર જે. મહેતા : જીવનસાથી જયશ્રીના જન્મદિન (૨/૭) નિમિત્તે | ઈસનપુર | ૫૦૧/- |
| ૧૦. | કોકિલાબહેન : સદ્‌ગત જીવનસાથી કિશોરભાઈ છગનલાલ બારાઈના શ્રેયાર્થે (દેહાંત તા. ૧૫-૬-૨૦૧૮) નિમિત્તે | ચેન્નાઈ | ૫૦૧/- |
| ૧૧. | ધ્રુવીબહેન સંદીપભાઈ ગાંધી : જન્મદિન નિમિત્તે | સુરત | ૨૫૧/- |
| ૧૨. | શ્રી વેન્કુ | સુરત | ૧૨૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

## (૨) અંતર્મુખતા ભાવ પ્રગટાવે છે અને ભાવ શક્તિને ઊર્ધ્વગામી બનાવે છે

શ્રીમોટા

માણસ જ્યારે પ્રવૃત્તિમાં રત હોય ત્યારે તે પોતાને વિશે, સ્વવિકાસ સંબંધે વિચારી શકતો નથી, એટલો બધો તે બહિર્મુખ હોય છે. જો તે અંતર્મુખ બને તો જ પોતાના વિશે વિચારવાનું બની શકે. એ હેતુથી મેં આ મૌનમંદિરની સ્થાપના કરી, કેમ કે મેં તેવું અનુભવેલું છે. હું એકાંતવાસ દર વર્ષે એક માસ કરતો. તેના ફાયદા મેં અનુભવ્યા એટલે હાલના સમયમાં દરેક માણસને સંસારમાં રહીને અંતર્મુખતા કેળવવા સાધન-સંજોગો પ્રાપ્ત થાય તેટલા વાસ્તે આ મૌનએકાંત મંદિર બનાવ્યાં.

આત્મવિકાસ માટે અભય, નમ્રતા, મૌન અને એકાંત-આટલું અનિવાર્ય છે. એનાથી ભગવાન પરત્વેની અભિમુખતા પ્રગટે છે. અંતર્મુખતા પ્રગટે છે. ખૂબ ખૂબ નમ્રતાને કારણે આપણામાં શૂન્યતા પ્રગટ થવાની શક્યતા રહેલી છે અને શૂન્યતામાં પહોંચતાં જ્ઞાન પ્રગટે છે. આ અનુભવની હકીકત છે.

ઉપરોક્ત સાધનથી સાધકમાં ગુણભાવના પ્રગટે છે. તેવી ગુણભાવના સમાજમાં પ્રગટે એ હેતુથી જે વિવિધ યોજનાઓ પ્રભુકૃપાએ મને સૂઝી છે તે મેં રજૂ કરી છે. **ગુણભાવના મનુષ્યની સાથે તેના મૃત્યુ પછી સાથે ને સાથે જશે.** તરવા વગેરેની હરિફાઈઓથી શક્તિ પ્રગટે છે, પણ જો ભાવ પ્રગટેલો નહિ હોય તો તેવી શક્તિ નિમ્નપથગામી થઈ જાય.

ભાવને કારણે શક્તિ ઊર્ધ્વગામી બની રહે છે. આ ભાવ Abstract-અવ્યક્ત (અમૂર્ત) છે એટલે સમજતાં વાર લાગે. ગુણ વિશે સહેલાઈથી સમજ પડે એ માટે મેં ભક્તિપોષક સાહિત્યના નિર્માણ માટે જુદી જુદી યોજનાઓ રજૂ કરી છે. ગુણભાવના પ્રગટે એવી વાર્તાઓ લખાય, મહાપુરુષોનાં જીવનચરિત્રો લખાય, બહેનોમાં પણ એવો ભાવ અને ગુણ પ્રગટે તે વાસ્તે પણ 'મહાજન શક્તિદળ' નામનું ટ્રસ્ટ કરેલું છે. સાહિત્યમાં નીલકંઠ બાલોપયોગી સાહિત્ય પ્રગટ થાય એ માટે ભગિની નિવેદિતા પારિતોષિક, પુરાણી પારિતોષિક વગેરે વગેરે અપાય છે.

આવી યોજનાઓ માટે ફંડફાળા ઉઘરાવવા પડે છે, પણ તે વાસ્તે-એકબે માણસથી વધુ માણસો સાથે રહેતા હોતા નથી. એટલે મારી આવી પ્રવૃત્તિઓમાં રાગદ્વેષને સ્થાન રહેતું નથી. એ એની વિશેષતા છે. જ્યાં સત્કર્મની પ્રવૃત્તિઓ ચાલતી હોય ત્યાં તેના કાર્યકર્તાઓમાં રાગદ્વેષ પ્રવર્તતો હોય તો તે સારું ન ગણાય. એનું પરિણામ સારું ન આવે.

હવે આની (ગુણની) સાથે સંકળાયેલ ભાવ છે. તે કેવી રીતે પ્રગટે એમ પૂછવામાં આવે છે, કારણ કે તે બહુ અવ્યક્ત છે. આ ભાવ કોઈ બીજાની મદદથી પ્રગટે નહિ. એને માટે આપણે પોતે મથવું જોઈએ.

મેં પોતે મારા સાધનાકાળ દરમિયાન ભજનો ગાઈને, લખીને, આત્મનિવેદનનો સહારો લઈને, પ્રાર્થનાઓ કરીને, સત્સંગ વડે ભગવાન માટે મારા હૃદયમાં ભાવ પ્રગટાવવા પ્રયાસો કરેલા. જ્યારે હું નડિયાદમાં રહેતો હતો ત્યારે ઉઘાડે રસ્તે ભજનો ગાતો ગાતો જતો, ત્યારે લોકો મને પથ્થર મારતા, પરંતુ મેં પરવા કરી ન હતી. આમ, અંતર્મુખ થઈએ તો આપણામાં ભાવ પ્રગટે છે. ધનનો સંગ્રહ ગુણભાવ વગરનો હશે તો તે આપણા માટે મૃત્યુદંડ વગાડશે. તે ધ્યાનમાં રાખવું ઘટે છે.

'શ્રીમોટા સાથે વાર્તાલાપ', આ.છઠ્ઠી, પૃ. ૬૬ ❑

## (૩) નિર્જીવ વસ્તુમાં પરમેશ્વરી સાક્ષાત્કાર

**શ્રીઉપાસની બાબા**

જગતમાં કોઈ પણ નિર્જીવ વસ્તુ દૃષ્ટિએ પડે તેમાં ઈશ્વરી અવસ્થા હોય છે એમ સમજવું. 'જીવ' શબ્દની વ્યાખ્યા પહેલાં કરેલી છે. પૂર્ણ રીતે નિર્જીવ બનેલી વસ્તુ એવી હોય છે કે, જે વસ્તુમાં કોઈ પણ પ્રકારે જરા પણ ફેરફાર થતો નથી. ઉપરાંત, નિર્જીવ બનેલી વસ્તુ સાથે જો કોઈ પણ સજીવ વસ્તુનો સંબંધ આવે તોપણ જેમાં ફેરફાર થતો નથી, સજીવપણું આવતું નથી, એવી જે વસ્તુ દેખાય તેને નિર્જીવ વસ્તુ કહેવાય. આ જ નિર્જીવ વસ્તુની ઓળખાણ છે. આવું જ્યાં દેખાય ત્યાં જ અથવા તે જ વસ્તુ ઈશ્વરરૂપ હોય છે એવો સિદ્ધાંત ઠરાવવો. જગતમાં પરમેશ્વરને જોવાની આ યુક્તિ છે.

મનુષ્યનું કે કોઈ પણ પ્રાણીનું અવસાન થવાથી તેનું જે પ્રેત નિર્જીવ બને તેને શું પરમેશ્વર સમજવા ? તો હા. પણ પ્રેત કરતાં વધુ નિર્જીવ વસ્તુનો બોધ જ્યાં સુધી થાય નહિ ત્યાં સુધી જેની દૃષ્ટિએ પ્રેત એ નિર્જીવ વસ્તુ ઠરી હોય તો ત્યાં જ પરમેશ્વર છે એમ સમજવું, અને તે પ્રમાણે ઘણીખરી જગ્યાએ પ્રેત તરફ પૂજ્યભાવ રાખી તેની પૂજા કરી, હારતોરા પહેરાવી વાજતેગાજતે તેને સ્મશાનમાં લઈ જવાનો રિવાજ છે. તે દેહમાં જ્યારે જીવ હોય ત્યારે તે મનુષ્યને પરમેશ્વર સમજીને કોઈ પૂજા કરતા નથી હોતા, પરંતુ જ્યારે તેનું શરીર જીવરહિત એવી પ્રેતાવસ્થાનું બને છે ત્યારે તેમાં પૂજ્યભાવ નિર્માણ થાય છે. કોઈની અક્કલની દોડ આના કરતાં પણ આગળ પહોંચે તો તે પ્રેતમાં નિર્જીવપણું માને નહિ, કારણ કે તેમાં ફેરફાર થઈ તે સડે છે, કહોવાય છે અને તેમાં કીડાઓ રૂપે જીવ ઉત્પન્ન થાય છે. તેથી તે પ્રેતને નિર્જીવ ન સમજતાં તેના કરતાં પણ તે બળીને રાખ થઈ જાય ત્યારે રાખને જ પૂર્ણ નિર્જીવ માની તેમાં જ પરમેશ્વર છે એમ ઘણાં સમજે છે, અને તેમાં જ પરમેશ્વરી શક્તિ હોય છે. તેથી જ શંકર ભગવાને સુધ્ધાં ચિતાભસ્મને સ્વીકારી છે.

તેના કરતાં પણ જેની બુદ્ધિની પહોંચ આગળ જાય તે ચિતાભસ્મ જેવી વસ્તુ કે જેનો નાશ થઈ જાય છે એને પણ ફેરબદલ થયો એમ સમજી તેને પણ નિર્જીવ ન સમજતાં, જેનો કોઈ પણ રીતે નાશ થતો નથી અને ઉત્પત્તિ પણ થતી નથી તેમ જ કોઈ પણ પ્રકારનો જેમાં ફેરફાર થતો નથી એવું જે પૂર્ણ રીતે નિર્જીવ કે જ્યાં 'જીવ' શબ્દનો અર્થ કોઈ પણ રીતે લાગુ પડતો નથી ત્યાં જ પૂર્ણ પરમાત્મા, પરમેશ્વર છે એમ ઠરાવે છે. પૂર્ણ નિર્જીવ અવસ્થા એ જ જગ્યાએ છે કે જેનું ભગવાને વર્ણન કર્યું છે—

नैनं छिंदंति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयंत्यापो न शोषयति मारुतः ॥
अच्छेद्यौऽयमदाह्योऽयमक्लेघोऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥

ભગવાનના આ વાક્ય મુજબ શસ્ત્ર, અગ્નિ, પાણી, વાયુ વગેરેના જે જુદા જુદા ગુણધર્મ હોય છે, તેનાથી પણ કોઈ પણ પ્રકારે જેમાં ફેરફાર થતો નથી, જે નાશ પણ પામતું નથી અને ઉત્પન્ન પણ થતું નથી, હાલતું ચાલતું નથી,

આવું કે તેવું પણ જે નથી, ન ઓછું ન વત્તું, ન નાનું કે મોટું વગેરે વગેરે કોઈ પણ પ્રકારનું જેને કાંઈ પણ લાગુ પડતું જ નથી એટલે કે પૂર્ણ જીવરહિત એવું કેવળ આકાશ સમાન જે છે ત્યાં જ પૂર્ણ પરમેશ્વરી અવસ્થા હોય છે, એવું પૂર્ણ બનેલા તત્ત્વવેત્તાઓએ સિદ્ધાંત તરીકે ઠરાવ્યું છે. આવી પૂર્ણ જીવરહિત અવસ્થાએ જે પોતાની અક્કલ ચલાવીને પહોંચ્યા હોય છે ત્યાં જ પ્રત્યક્ષ પરમાત્માનાં દર્શન થઈ પરમેશ્વર પ્રાપ્તિ થાય છે. પૂર્ણ જીવરહિત અવસ્થાએ પહોંચનારો જે હોય છે તે પોતે જ્યારે પહેલાં સંપૂર્ણ જીવરહિત બને છે, ત્યારે જ ત્યાં પહોંચી શકે છે.

આનાથી ઊલટી ‘જીવ’ અવસ્થા હોય છે. અનેક વાસનાઓથી જીવની ઉત્પત્તિ થાય છે, અને જગતની સર્વ સ્થિરચર વસ્તુ વાસનાના બીજથી અને વાસનાથી ભરેલી હોય છે. તેથી આખું જગત જીવરૂપ હોઈ ક્ષણે ક્ષણે તેમાં ફેરફાર થતો રહે છે અને આપણે વાસનાબદ્ધ એવા જીવરૂપે હોવાથી આપણે જીવરહિત નથી. તેથી જીવરહિત અવસ્થાવાળા પરમેશ્વરની આપણને પ્રાપ્તિ થતી નથી અને જો કદાચ પૂર્ણ જીવરહિત એવા એકાદા સત્પુરુષના રૂપે પરમેશ્વર દેખાય, તો જે જીવરહિત નથી હોતા તે પોતપોતાના સ્વભાવ મુજબ તેની બાબતમાં શંકાકુશંકા વગેરે કરતા રહે છે, પરંતુ પૂર્વના પુણ્યથી જેનામાં જીવાવસ્થાના ગુણધર્મ પ્રબળ ન થયા હોય, પણ નિર્જીવપણાના થોડાઘણા ગુણધર્મ આવ્યા હોય, તેનામાં પરમેશ્વર, સાધુસંત વગેરે પ્રત્યે શ્રદ્ધા ઉત્પન્ન થવાથી તેઓની બાબતમાં શંકાકુશંકા ન કરતાં સર્વ રીતે પોતાનું ઐહિક તેમ જ પારલૌકિક કલ્યાણ કરી લે છે.

જગતમાં શુદ્ધ જીવરહિત અવસ્થા હોવા છતાં પણ, જીવ અવસ્થાથી તે ઢંકાયેલી હોવાથી નિર્જીવ વસ્તુમાં રહેલા પરમેશ્વરનો મનુષ્યને અનુભવ થતો નથી.

नाहं प्रकाशः सर्वस्य योगमाया समावृतः ॥

પૂર્ણ નિર્જીવ અવસ્થાની અથવા પરમેશ્વરની પ્રાપ્તિ માટે જીવની ઉત્પત્તિના કારણભૂત એવી જે અનેક પ્રકારની વાસના, તેને કોઈ પણ ઉપાયે ધીમે ધીમે ઓછી કરતાં જતાં પ્રબળ બનેલા જીવને થોડોઘણો નિર્બળ બનાવતાં રહેવું જોઈએ. વાસનાનો નાશ કરવાનો ઉપાય એ છે કે ‘જેવું હોય તેવું’ ચલાવી લેવું. એને જ મુખ્ય ગુરુમંત્ર તરીકે સ્વીકારી, તેમ જ સત્પુરુષ અને પરમેશ્વર પ્રતિ પૂજ્યભાવે જે પ્રેમ રાખે છે તે સર્વદુઃખથી મુક્ત થઈ સર્વ સુખનો પરમેશ્વર પ્રાપ્તિનો અધિકારી બને છે. પોતાની જાતે વાસનારહિત થઈ શકાતું ન હોય તો, પૂર્ણ રીતે વાસનારહિત એટલે કે જીવરહિત એવા સત્પુરુષોને પકડી રાખવા, કે જેથી તેમના આધારે આપણે ભલે વાસનાબદ્ધ અને સજીવ હોઈએ, તોપણ વાસનારહિત અને જીવરહિત હોવાનું ફળ મળે છે.

‘શ્રીઉપાસના વાક્સુધા-ભાગ-૫’, પૃ. ૨૫૮ ❑

**ભેટપુસ્તિકા**

‘હરિભાવ’ના જુલાઈ, ૨૦૧૮ના અંકના સંપાદકીય લેખમાં જણાવાયા પ્રમાણે **‘નામસ્મરણ અને સ્વજનોને ઉદ્બોધન’**ની ભેટપુસ્તિકા ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગ નિમિત્તે સર્વેને મોકલી અપાયેલ છે. જે વિદિત થાય. - **સંપાદક**

## (૪) પૂજ્ય શ્રીમોટા સાથેના અમારા પ્રસંગો

**કપિલાબહેન આર. ભટ્ટ**

*(અમદાવાદના ગુરુકૃપા ગેસ્ટહાઉસમાં નામસ્મરણના એક કાર્યક્રમમાં વડોદરાના શ્રી કપિલાબહેન ભટ્ટ આવ્યાં હતાં. તેઓશ્રીએ પૂજ્ય શ્રીમોટા સાથેના તેમના કેટલાક પ્રસંગ, ઉપસ્થિત સ્વજનોને સંભળાવ્યાં હતાં. તે પ્રસંગો લખી મોકલવા અમોએ તેઓશ્રીને રૂબરૂમાં વિનંતી કરી હતી, તે બાદ ફોનથી પણ વિનંતી કરેલી. તેના ફલસ્વરૂપ આ લખાણ છે. તેમનાં લખાણની લઢણને ખાસ મઠારી નથી. - સંપાદક.)*

પૂજ્ય શ્રીમોટાની જે સહાય મને અને મારા પરિવારને મળી છે, તેનું વર્ણન કરવું શક્ય નથી. મારા હૃદયમાં તેમના પ્રત્યે ગુરુભાવનો ઉદય થયો અને નામસ્મરણમાં ક્રમશઃ રુચિ વધી. હું કપિલાબહેન રસિકભાઈ ભટ્ટ હાલ વડોદરા રહું છું. મને મોટાની કૃપાથી વાત કરવાની પ્રેરણા મળી છે.

***'અહો દેવના દેવ હે વિશ્વસ્વામી કરું હું સ્તુતિ શીશ નમાવી'***

મારી આળસને ઢંઢોળનાર શ્રી પ્રભુદાસ જાની, મોટાના સ્વજન છે.

પૂજ્ય શ્રીમોટા અંગે સને ૧૯૬૦માં ગુજરાત સમાચારમાં 'ઈંટ અને ઈમારત' કૉલમમાં શ્રી કુમારપાળ દેસાઈનો એક લેખ આવેલો. લેખ વાંચ્યા પછી મારા પતિ શ્રી રસિકભાઈ ભટ્ટ નડિયાદ 'હરિઃૐ' આશ્રમમાં ગયા હતા. મોટાનાં દર્શન, સત્સંગથી તેઓ ખૂબ પ્રભાવિત થયા. વડોદરા આવી સમગ્ર કુટુંબને મોટાની વાતો કરી હતી. અમને ધન્યતાનો અનુભવ થયો હતો.

પૂજ્ય શ્રીમોટાનાં દર્શન કરવા અમે વારંવાર નડિયાદ જવા લાગ્યા. ત્યાં વર્ષો પછી ગુમાનસિંહ રાજ જેઓ મોટાના સ્વજન હતા અને તે મોટાને ખૂબ માનતા હતા, તે મારા પતિના મિત્ર હતા, તે મળ્યા. રાજ સાહેબે મોટાની ઘણી વાતો કરી. પછી મોટાનાં સ્વજનોને વારંવાર મળવાનું થતું. વૈકુંઠભાઈ, રણછોડભાઈ, અમરતભાઈ વગેરેને વારંવાર મળવાનું થાય અને અમે મોટાની વધુ ને વધુ નજીક પહોંચતાં ગયાં.

પૂજ્યશ્રી પહેલા ટ્રેન મારફતે સુરતથી નડિયાદ અને નડિયાદથી સુરત જતાં હતા. મોટા જ્યારે રેલવે દ્વારા સુરત જવાના હોય ત્યારે અમે પૂજ્યશ્રી માટે ચા લઈને સ્ટેશને જઈએ. મોટાનાં દર્શન કરીએ. ગાડી ઊપડે એટલે ઘેર પાછા જઈએ. પૂજ્યશ્રી જ્યારે મોટર દ્વારા સુરતથી નડિયાદ જાય ત્યારે કમાટીબાગ સર્કલ પાસે પૂજ્યશ્રીની ગાડી ઊભી રહે. અમે મોટાનાં દર્શન કરીએ. મોટા દર પંદર દિવસે સુરતથી નડિયાદ જાય એટલે અમને દર્શનનો લાભ મળે. ધન્યતાનો અનુભવ થાય.

મારા પિતાજીને પાંચ દીકરીઓ. મારો બીજો નંબર. મારા પિતાજીને ચિંતા થાય કે મારા જમાઈ વારંવાર હરિઃૐ આશ્રમ જાય છે. કોઈ સાધુબાવાને મળવા વારંવાર જાય છે તે સંન્યાસી થઈ જશે તો મારી દીકરનું શું થશે ?

એક વખત મારા પિતાજી જેઓ ભાવનગર રહેતા હતા તે વડોદરા મારા ઘરે આવેલા તે

જ સમયે પૂજ્ય શ્રીમોટા સુરતથી નડિયાદ જવા નીકળવાના હતા. દરવખતની જેમ અમે પણ દર્શન કરવાનો વિચાર કર્યો. મારા પતિએ મારા પિતાજીને કહ્યું હું સવારે પાંચ વાગ્યે પૂજ્યશ્રીનાં દર્શન કરવા જવાનો છું. પછી આપણે મળીએ.

મારા પિતાજીને એમ કે પૂજ્ય મોટા કેવા સાધુ છે ? એટલે તેઓએ કહ્યું કે હું પણ તમારી સાથે દર્શન કરવા આવીશ. બન્ને જણ સસરા અને જમાઈ પૂજ્યશ્રીનાં દર્શન કરવા ગયા.

મારા પિતાજીના મનમાં સતત એક પ્રશ્ન થાય. અમારે દીકરીઓ છે. અમારી (મારી અને મારાં પત્નીની) સેવા ઘડપણમાં કોણ કરશે ?

મોટાનાં દર્શન કર્યાં. પિતાજી મોટાને પગે લાગ્યા. પૂજ્યશ્રી હસવા લાગ્યા અને બોલ્યા 'રસિકભાઈ તમારે એમની સેવા કરવાની છે' ત્યારે મારા પતિ શ્રી રસિકભાઈએ કહ્યું, 'મોટા આ મારા બાપુજી નથી આ મારા સસરા છે.' ત્યારે મોટાએ કહ્યું, 'હું જાણું છું મને ખબર છે.'

મોટા બધું જ જાણતા હતા. મારા પિતાજી અને પૂ. બા ઘડપણમાં મારે ઘરે રહ્યાં. પૂજ્ય બા ત્રણ વર્ષ અમારી સાથે રહ્યાં પછી દેવલોક પામ્યાં. પિતાજી નવ વર્ષ અમારી સાથે રહ્યા પછી દેવ પામ્યા.

પૂજ્યશ્રીના કહ્યા પ્રમાણે અમે બન્ને જણાએ તેમની સેવા કરી. આમ, મોટાની આંતર્દૃષ્ટિથી તેઓ જાણતા હતા કે અમારે જ મારાં માતા-પિતાની સેવા કરવાની છે. આ મારો પહેલો અનુભવ.

મારા પતિ વારંવાર હરિઃૐ આશ્રમ મૌનમાં જાય. દર વૅકેશનમાં મૌનમાં જાય. તેઓ કહેતા 'નડિયાદ આશ્રમ શિવ સ્વરૂપ છે. સુરત આશ્રમ વૈકુંઠ સ્વરૂપ છે.' મને પણ મૌનમાં જવાની ઇચ્છા થાય.

વડોદરામાં શ્રી જયરામભાઈ દેસાઈને ત્યાં પૂજ્યશ્રી વારંવાર આવે સત્સંગ થાય. દર ગુરુવારે પૂજ્ય શ્રીમોટાની ધૂન, ભજન કરવા મોટાનાં સ્વજનો ભેગાં થઈએ. વૈકુંઠભાઈ ભાવવાહી ભજનો ગાય.

શ્રી રાજ સાહેબના ઘરે મધુરીબહેન ખરે, સંત સાહેબ, રમાકાંતભાઈ બધાં જ સ્વજનો ભેગા થઈએ, સત્સંગ કરીએ, રસોઈ બનાવીએ, જમીએ, મોટાની વાતો કરીએ, ભજન કરીએ, આનંદ કરીએ. આમ, અમે મોટાની વધુ સમીપ પહોંચ્યાં.

પૂજ્યશ્રી મોટા, જયરામભાઈ દેસાઈને ત્યાં ૧૯૬૫માં પધાર્યા હતા. સાંજના સમયે પૂજ્યશ્રીનો સત્સંગ હતો. અમે પણ સત્સંગમાં ગયેલાં. પૂજ્યશ્રી સાથે પ્રશ્નોત્તરી ચાલે. પૂજ્યશ્રી જવાબ આપે, મેં મોટાને પ્રશ્ન કર્યો.

'મોટા, મારે મૌનમાં જવું છે પણ મારા બન્ને છોકરાં નાના છે. પોળમાં રહીએ, છોકરાં રમતાં હોય અને કંઈ વાગી જાય તો ? સમાજ એમ કહે કે મા મોટી ભક્તાણી છે. છોકરાંને વાગ્યું.'

પૂજ્યશ્રી ગુસ્સામાં પલંગ પરથી બેઠા થઈ ગયા. પચાસ માણસના દેખતાં મને ખખડાવી નાખી અને કહ્યું, **'આ મોટો નથી બેઠો, તે તું છોકરાંની ચિંતા કરે છે ?'**

તે જ સમયે મારાં બાળકો મેં મોટાને

સોંપ્યાં. મોટાને કહ્યું, 'મારું મૌન નોંધી દો.' પૂજ્ય નંદુભાઈએ મારું પહેલું મૌન હરિઃૐ આશ્રમ નડિયાદમાં નક્કી કરી દીધું. ઘુંમટવાળા રૂમમાં મારું પહેલું મૌન.

**મૌનનો અનુભવ**

પ્રથમ વખત મૌનમાં બેઠી, મોટાની પ્રાર્થના કરી નિત્યક્રમ નક્કી કર્યો. પહેલા દિવસે ખાસ સ્મરણ થયું નહિ. ત્રીજા દિવસથી સતત નામસ્મરણ થવા લાગ્યું.

ત્રીજા દિવસે મોટા સુરતથી નડિયાદ પધાર્યા. પૂજ્યશ્રીએ મૌનરૂમમાં એક ગુલાબનો હાર મોકલ્યો. હું ખૂબ રાજી થઈ. હાર હૃદયે લગાવ્યો. તે જ વખતે મને વિચાર આવ્યો 'હું આ હાર ઘરે લઈ જઈશ. બધાંને કહીશ કે તે મને મોટાની પ્રસાદી મળી છે.'

આશ્ચર્ય ! પાંચ દિવસ પછી એટલે કે સાત દિવસના મૌન પૂર્ણ થયા બાદ ગુલાબનો હાર તાજો હતો. ઘરે જઈ બધાંને હારનાં દર્શન કરાવ્યાં પછી તે હાર જળમાં પધરાવ્યો.

પૂજ્યશ્રીએ આવા બે વખત મને હાર આપેલા. આજે મને સમજાય છે. પૂજ્ય શ્રીમોટા કૃષ્ણ હતા. વહાલે નરસિંહ મહેતાને હાર હાથો હાથ આપ્યો રે... **આજે મને દુઃખ થાય છે કે મોટાને હું ઓળખી ન શકી.**

હું ત્રીજીવાર મૌનમાં ગાઈ ત્યારે રાત્રે બે થી અઢીના ગાળામાં મારા મૌન રૂમના બારણાં ખખડ્યા. ત્યારે મને મનમાં થયું કે આશ્રમમાં જ્યાં બહેન મૌનમાં બેઠાં હોય અને બારણાં ખખડે તે યોગ્ય નથી. મરી જવાય તો બહેતર પણ ગભરાઈને બારણું ખોલવું નથી. મૌનમાં મરી જવાય તો મોક્ષમાં જવાય. હું હરિઃૐના જપ જપ્યા કરું ત્યાં તો થોડીવારમાં જોરથી ડાંગ ખખડી અને શ્રી ભીખુકાકા જોરથી 'હરિઃૐ' બોલ્યા. તે આજે પણ હું તે પ્રસંગને યાદ કરું છું ત્યારે હરિઃૐનો ગુંજ મારા કાનમાં ગુંજે છે. 'હરિઃૐ' સાંભળી મારામાં હિંમત આવી. થોડીવારમાં મૌન રૂમનું બારણું જ્યાંથી ભોજન આવે તે ખૂલ્યું. મેં મોટેથી હરિઃૐ કહ્યા. મણિકાકાએ કહ્યું બહેન ગભરાશો નહિ. તમારું મોઢું બતાવો. મેં બારી ખોલી. મને મણિકાકાએ કહ્યું બહેન શું થયું ? મેં બધી વિગતે વાત કરી.

બીજે દિવસે સવારે પૂજ્યશ્રીને મળવા મારા પતિ નડિયાદ આવ્યા ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું, 'સાધકની નીડરતા ચકાસવા આપણે ચોર પણ બનીએ.' પૂજ્યશ્રીએ મને નીડર બનાવી અને હું નીડર છું એમ એક ચિઠ્ઠીમાં લખીને મૌન રૂમમાં મોકલી. હું ખુશ થઈ.

ઘરે જઈ મોટાના હસ્તે લખાયેલી ચિઠ્ઠી બતાવી અને આશ્રમમાં બનેલ બનાવની વાત મેં મારા પતિ અને ઘરમાં બધાંને કરી. તે પણ ખુશ થયા. આમ, મોટા સાધકની ચોર બનીને પણ કસોટી કરે.

હું વારંવાર મૌનમાં જવા લાગી. હું વર્ષમાં એક વખત મૌનમાં જતી. મોટાએ ખરેખર ! મૌનમંદિર બહેનો માટે પીયર ઊભુ કર્યું છે. બહેનો ત્યાં આવે, રહે, ખાવા, પીવાનું આરામથી શાંતિથી સૂતાં સૂતાં કે બેઠાં બેઠાં જેવી ઇચ્છા તે મુજબ નામસ્મરણ કરવાનું. ઘરે જવાનું થાય ત્યારે એમ થાય કે ક્યાં ઘરે પાછું જવાનું ? સંસારની માયાજાળમાં ફસાવાનું, ત્યારે મને એક ભજન યાદ આવતું.

*દુનિયા સ્વાર્થતણો સાંઠો*
*ડગલે ડગલે દુઃખતણી ગાંઠો.*

મને દર વર્ષે મૌનમાં બેસવાનો ચસકો લાગ્યો.

આ વખતે પૂજ્યશ્રીનું જ્યાં કાર્યાલય છે ત્યાં મૌનમાં બેસાડવામાં આવી. આશ્રમમાં ઘઉંની ગૂણો આવેલી. તે સાફ કરવાની કાર્યાલયમાં વાત થાય તે મારા મૌનરૂમમાં સંભળાય. ઘઉં સાફ કરવા આવેલી બહેનો ઘઉં સાફ કરવાના વધારે પૈસા કહેતી હતી. તેથી શ્રી મણિકાકા અને શાંતા બાએ તે બહેનોને ના પાડી. પછી મેં ચિઠ્ઠી લખીને મોકલી 'તમને વાંધો ન હોય તો હું ઘઉં સાફ કરીશ. સાથે નામસ્મરણ પણ કરીશ. ઈશ્વર સ્મરણ સાથે પ્રભુકાજ મારા મૌનરૂમ પાસે ઘઉં, ચારણો અને થાળી મૂકી આપો.' મારું લખાણ વાંચી મણિકાકા ખુશ થયા અને મને ઘઉં સાફ કરવાની સેવા મળી.

હું અને મારા પતિ સુરત મૌનમાં પણ જતા. એક વખત અમારે અમારા સ્વજનને ત્યાં પ્રસંગ હોવાથી સુરત જવાનું થયું. પૂજ્યશ્રી મોટા ત્યારે સુરત આશ્રમમાં હતા. મોટાને કાગળ લખીને જણાવેલ કે અમે બન્ને બે બાળકોને લઈને આપનાં દર્શન કરવા આવવાના છીએ. ત્યાં અમે પ્રસાદ આપની સાથે લઈશું. અમે આશ્રમમાં ગયા.

પૂજ્યશ્રી મોટાને પગે લાગ્યા. સત્સંગ સવારમાં થયો. શિયાળાની ઋતુ હતી. ઊંધિયાની સિઝન હતી. પૂજ્યશ્રીને ઊંધિયું અને તેમાં નાખેલ મૂઠિયાં ખૂબ ભાવે. મોટાની આજુબાજુ અમે બન્ને જમવા બેઠાં. પૂજ્યશ્રીએ કહ્યું 'બાળકો નાના છે, એટલે તમે બન્ને જણ તમારી સાથે એક થાળીમાં જમાડો. નાના બાળકો અનાજ બગાડે તે આશ્રમને પોસાય નહિ. અમે અમારાં બન્ને બાળકોને અમારી સાથે જમવા બેસાડ્યા. તે જ સમયે સુરત શહેરથી એક બહેન ઊંધિયું લઈને આશ્રમમાં દોડતા આવ્યાં. મોટા ખુશ થયા. પૂજ્યશ્રીની થાળીમાં ઊંધિયું પિરસાયું. તેમાં મૂઠિયાં હતા. તેમાંથી એક મુઠિયું પૂજ્યશ્રી મોટાએ લીધું તેના ત્રણ ભાગ કર્યા. એક ભાગ મને અને એક ભાગ મારા પતિને આપ્યો. એક ભાગ મોટાએ પોતે રાખ્યો.' અમે ખુશ થયાં. મોટાએ પ્રસાદી આપી.

'હરિઃૐ સત્સંગ મંડળ' દ્વારા નામસ્મરણ કરવાની શરૂઆત થઈ. પૂજ્યશ્રી મોટાના ઉત્સવમાં પણ બધાં સ્વજનો વારંવાર મળતાં, આનંદ કરતાં.

એક વખત અમદાવાદના શ્રી જયંતીભાઈ જાનીએ કહ્યું કે 'રસિકભાઈ અમે તમારે ત્યાં હોળીના દિવસે રાત્રે ધૂન કરવા આવીશું' અમે તે વાત પ્રેમથી સ્વીકારી લીધી. મોટાનાં બે સ્વજન અમદાવાદથી અને બે સ્વજન નડિયાદથી અને વડોદરાનાં સ્વજનો બધાંને આમંત્રણ આપ્યું. અમદાવાદથી અને નડિયાદથી આવેલાં સ્વજનોએ અમારે ત્યાં પ્રસાદી લીધી. રાત્રે સત્સંગ કર્યો, આખી રાત ધૂન કરી. એક વ્યક્તિ મોઢેથી બંસરી અને ખંજરીનો સૂર કાઢતી હતી.

**સાત મિત્રોએ ભેગા થઈને મોટાના આશીર્વાદ**

**લઈને શ્રેયસ સ્કૂલ શરૂ કરી.** પૂજ્ય શ્રીમોટાએ કહ્યું કે 'ગમે તે થાય તમારે સાતે જણાએ સ્કૂલ છોડવાની નથી.' બધાએ મોટાને વચન આપ્યું. પોલોગ્રાઉંડ વડોદરામાં શાળા ૧૯૬૫માં શરૂ થઈ. પૂજ્યશ્રી મોટા જ્યારે વડોદરા આવે ત્યારે અનુકૂળતા પ્રમાણે સ્કૂલમાં પધરામણી કરે. પૂજ્યશ્રીના પગ ધોવાય, પ્રાર્થના, ભજન થાય. બાળકો પૂજ્ય મોટાને પગે લાગે. પ્રસાદ લે. હરિઃૐની ધૂન, મોટાની પ્રાર્થના આજે પણ શ્રેયસનાં બાળકો કરે છે. **'હરિઃૐ' શ્રેયસની ઓળખ છે.** બધાં જ મોટામાં શ્રદ્ધા રાખે છે. પૂજ્યશ્રીના આશીર્વાદથી આજે શ્રેયસમાં પાંચ હજાર બાળકો અભ્યાસ કરે છે.

૧૯૭૨માં અમે પૂજ્ય શ્રીમોટાના આશીર્વાદ લઈ અમારા ઘરની જમીન માંજલપુરમાં લીધી. અમારા ઘરની અને શ્રી રજનીકાંત જાનીના ઘરની પાયાની ઈંટ પૂજ્યશ્રી દ્વારા મૂકવામાં આવી. મોટા જાતે પધારેલા, અગ્નિ ખૂણામાં મોટાએ મંત્ર ભણીને ઈંટ મૂકેલી. અમને અમારું જીવન ધન્ય થઈ ગયું. એવો અનુભવ થયો.

મોટાએ કહ્યું કે 'રસિકભાઈ પાયો મજબૂત નાખજો. ત્રણ માળ થાય. મારે તમારા મકાનના લાડવા ખાવાના છે.'

ત્યારે મેં કહ્યું મોટા કોઈ પૈસા આપનાર મળશે તો મકાન થશે. મોટા મારે તમને જરૂર લાડવા ખવડાવવાના. મકાનનું કામઆગળ ચાલતું થયું. તે સમયે જૂન માસમાં ખૂબ વરસાદ પડ્યો. અમે નરસિંહજીની પોળમાં રહેતાં હતાં. અચાનક જૂનું મકાન હોવાથી એક દીવાલમાં તિરાડ પડી. વધારે વરસાદ પડે તો જૂનું મકાન બેસી જાય. પોળ છોડવી પડે તેવી પરિસ્થિતિ આવી, પોળ છોડી, સગાંસંબંધીને ત્યાં સામાન મૂક્યો. મારી નાની બહેન માંજલપુરમાં રહે તેને ત્યાં બાળકો લઈને રહેવાં આવી ગયાં. પછી મકાનનું કામ પૂજ્ય શ્રીની કૃપાથી વાયુવેગે ચાલ્યું. પૈસાની સગવડ થઈ ગઈ. અમે મોટાને અમારા ઘરનું વાસ્તુ કરવા પધારે એમ આમંત્રણ આપ્યું. મોટાએ અમારું આમંત્રણ સ્વીકાર્યું. સને ૧૯૭૩. વાસ્તુહવન માટેની સામગ્રી શ્રી નંદુભાઈએ અમને લખી આપી હતી. લાકડાંની ધૂણીથી શ્રીમોટાને તકલીફ થાય એટલે કોલસા લાવવા લખેલું. શ્રીમોટાએ પ્રશ્ન કર્યો એટલે પેલું લિસ્ટ બતાવ્યું. વાંચીને શ્રીમોટાએ નંદુભાઈને કહ્યું કે હવન માટે તો લાકડાં જ જોઈએ. એટલે અમારા સાથીદારે લાકડાંનો પ્રબંધ કર્યો હતો.

મોટાનો પત્ર આવ્યો. શ્રાવણ મહિનાના પહેલા ગુરુવારે સવારે હું તમારે ત્યાં વાસ્તુ કરાવવા આવીશ. લિસ્ટ પ્રમાણે બધી વસ્તુ લાવી રાખજો. મારી સાથે પંદર-વીસ જણ હશે. સવારમાં બધાંને ચા-નાસ્તો કરાવવાનો, પછી હું એક કારખાનાના ઉદ્‌ઘાટનમાં જઈશ. ત્યાં બધાં જમશે. આ હતી મોટાની દીર્ઘદૃષ્ટિ મોટાએ અમારી પરિસ્થિતિ જોઈને આમ લખ્યું હતું.

અમે ખૂબ ઉત્સાહમાં આવી વાસ્તુની તૈયારી કરવા લાગ્યા. બધાં સગાંસંબંધીને કાગળ લખીને જણાવ્યું કે મોટા અમારા ઘરનું વાસ્તુ કરવાના છે. આપ જરૂરથી આવશો.

ચોમાસાની ઋતુ, ભારે વરસાદ, ખેતરાળ

જમીન, પગ લપસે. વાસ્તુનો દિવસ નજીક, મોટાને લાડુ ખવડાવવા મેં લાડુ જાતે બનાવ્યા. પૂજ્યશ્રી જમવાના ન હતા. મેં મોટાને ચાળીસ લાડુની ભેટ ધરી હતી. ભાવના એવી હતી કે આશ્રમમાં મૌનાર્થીઓ, સેવકો અને અન્ય જે કોઈ સ્વજન આવે તેને પ્રસાદી મળે.

વરસાદ ખૂબ પડે, મોટાને વરસાદમાં કેવી રીતે લાવીશું ? મોટાને કષ્ટ ન અપાય. મારા પતિ કહે હું મોટાને વાસ્તુ કરવા પધારો જ એમ કહું નહિ. અમારી વચ્ચે મીઠો ઝઘડો શરૂ થયો. હું મોટાને વારંવાર પ્રાર્થના કરું. 'મોટા તમે નહિ આવો તો સમાજ અમારી મશ્કરી કરશે. મોટા ઉપાડે મોટાને વાસ્તુ કરવા બોલાવ્યા અને મોટા તો આવ્યા નહિ.' મોટા લાજ રાખવી આપના હાથમાં છે.

અંતે, વાસ્તુના આગલા દિવસે મારા પતિ પૂજ્ય મોટાને મળવા બંગલે ગયા. મોટા કહે... 'ભઈલા બધી તૈયારી થઈ ગઈ છે, હું જાણું છું ખેતરાળ જમીન છે એટલે હું ખુરશી લઈને આવ્યો છું. ચાર જણ મને ઊંચકવા જોઈશે. સવારે ચાર વાગ્યે મને લેવા આવી જવાનું.'

મારા પતિ ઘરે આવ્યા.

મેં મારા પતિને કહ્યું મોટાને મળી આવ્યા. મોટા ન આવવાના હોય તો હું મોટાને મળવા જઉં અને મોટા સાથે વાત કરું. મોટા તમે ગરીબ ના ઘરે કેમ ન આવો ? હું મોટા સાથે લડું પણ ખરી, પરંતુ મોટા તો મારે ત્યાં પધરામણી કરવાના જ હતા.

વાસ્તુના દિવસે સવારે પાંચ વાગ્યે મોટા આવ્યા, મોટાએ વાસ્તુનો હવન કર્યો. આજે તે સ્થાન પર અમારું દેવસ્થાન છે.

મોટા વાસ્તુ વિધિ કર્યા પછી આગળના રૂમમાં બેઠા. સત્સંગ થયો પ્રાર્થના કરી. મેં મોટાને કહ્યું 'મોટા તમે જો ભક્તોની આવી કસોટી કરશો તો તમને કોઈ ભજે નહિ.'

મોટા હસ્યા અને કહે,

થોડો વખત તને મુશ્કેલી છે પછી લીલા લહેર છે, એમ બારી બહાર હાથ કરીને કહ્યું.

મોટાના શબ્દો મને આજે ફળ્યા જ છે. હું ખૂબ સુખી છે. છોકરી, બે દીકરા, વહુઓ, બાળકો બધાં જ સુખી છે. મોટાના આશીર્વાદ અમારા સમગ્ર કુટુંબ પર વરસે છે.

પૂજ્યશ્રી રજનીકાંત જાની સાહેબના ઘરે વાસ્તુ કરવા પધારેલા ત્યાં જાની સાહેબે મોટાનાં પગલાં પડાવેલાં. ત્યારે મેં મોટાને કહ્યું મોટા મને પણ તમારાં પગલાં જોઈએ છીએ. મોટાએ કહ્યું, કાળકા માતા જા તારા ઘરેથી સાડી લઈ આવ, આખી સાડીમાં પગલાં પાડી આપું.

પણ મારી પાસે કોઈ કોરી સાડી ન હતી. તેથી મેં એક પીસમાં મોટાનાં પગલાં પડાવ્યાં. જે ફોટોફ્રેમમાં મઢાવી અમે દેવસ્થાનમાં મૂક્યાં છે. રોજ દર્શન કરી ધન્યતા અનુભવીએ છીએ.

પૂજ્યશ્રીના દેહવિલય પછી કુંભકોણમ્‌થી તેમના અનન્ય ભક્ત હરિ અને પ્રોફેસર ઈંદુભાઈ અમારા ઘરે આવેલા, પ્રસાદી લીધી. 'મોટા ચરણે' પ્રાર્થના કરી સત્સંગ કર્યો. મેં તેમને કહ્યું મોટાએ અમારા ઘરનું ખાતમુહૂર્ત અને વાસ્તુ કર્યું છે. અમારા ઘરનું નામ પણ તેમની પાસે પડાવવાની ઈચ્છા હતી પણ પૂર્ણ ન થઈ. શ્રી હરિએ કહ્યું હું કાલે સવારે ધ્યાનમાં બેસીશ ત્યારે તમારા ઘરનું નામ પાડીશ. તેમને

અમારા ઘરનું નામ **'ભાવગુંજન'** પાડ્યું અને કહ્યું તમારા ભાવ પ્રમાણે નામ છે.

મારા પતિ અને હું પૂજ્યશ્રીના દર વર્ષે ઉત્સવમાં જતાં. મારા પતિને કાયમ એમ થાય કે આપણે પણ ઉત્સવ કરવો છે. પૂજ્યશ્રીનાં કૃપા અને આશીર્વાદથી મારાં બન્ને બાળકો મયંક અને મનીષને પણ ઉત્સવની પ્રેરણા મોટાએ કરી. તેઓ કહે 'પપ્પા તમે ઉત્સવ કરવાની મંજૂરી લઈ આવો.' સમગ્ર પરિવારના સાથ સહકાર અને મોટાના આશીર્વાદથી અમે ૧૦૨મો ઉત્સવ વડોદરામાં સત્યમ્ શિવમ્ સુંદરમ્ હૉલમાં કર્યો. ખૂબ આનંદ કર્યો.

મારા પતિની તબિયત બગડી ત્યારે ડૉક્ટરે તેમને સંપૂર્ણ આરામ કરવાનું કહેલું. જરૂર પૂરતું બોલવું. કોઈ ખબર જોવા આવે અને પૂછે રસિકભાઈ કેમ છો ? ત્યારે તેઓ કહેતા મારે જરાય ચિંતા નથી. મારી એક બાજુ મોટા છે બીજી બાજુ રામશર્મા આચાર્ય છે. ખૂબ હસતા, પ્રભુ સ્મરણ સિવાય કશું જ ન કરતા.

મારા પતિની તબિયત વધારે બગડી. જે જગ્યા પર મોટાએ બેસીને સત્સંગ કર્યો હતો. તે જ સ્થળે તેમનો પલંગ હતો. પોતે બોલી ન શકતા. મારી દીકરી અને વહુ રાતે તેમની સાથે રહે. સમગ્ર પરિવાર તેમને ગમતાં ભજન ગાય, મોટાની ધૂન કરે. હરિઃૐ, હરિઃૐ ઘરમાં ગુંજે. સતત નામસ્મરણ સાથે તેમની ચિર વિદાય થઈ. મોટાએ તેમને તેમનામાં સમાવી લીધા.

મને મોટાએ કહ્યું હતું કે 'તને કોઈ પણ તકલીફ હોય ત્યારે તારે મારા ફોટાની પાસે અગરબત્તી કરી તારી તકલીફ જણાવવી. હું તને ઉકેલ લાવી આપીશ. **આ મોટો બેઠો છે.'** આ મોટાના શબ્દો સતત મને હિંમત, શ્રદ્ધા, ભક્તિ આપે છે.

આજે મને કંઈ પણ મુશ્કેલી હોય તો હું મોટાને કહું. મોટા મારી અરજ સાંભળી મારી વહારે આવે છે.

**'મને સાંભરતો રહેજે, હૃદય મુજ પાસ તું કરજે,**
**જીવનમાં તું સતત મારી હરિ રક્ષા જરૂર કરજે.'**

**હું હરિનો હરિ છે મમ રક્ષક**
**એ ભરોસો જાય નહિ,**
**જે હરિ કરશે તે મમ હિતનું તે નિશ્ચય બદલાય નહિ.**

અંતે,

પૂજ્ય શ્રીમોટા તમારા દિવ્ય આશીર્વાદ આઠે પ્રહર અહર્નિશ મળ્યા કરે.

હરિઃૐ

**કપીલાબહેન આર. ભટ્ટ**
૨૮, શાકુંતલ પાર્ક, શ્રેયસ સ્કૂલ પાછળ,
માંજલપુર, વડોદરા.
ફોન : (૦૨૬૫)૨૬૫૨૧૫૬

❑

**ગયેલા આત્માને...**

પૂજ્ય શ્રીમોટાના સ્વજન અને શ્રી બાબુ સરકારના અનુજ **શ્રી કિશોરભાઈ છગનલાલ બારાઈ**નો ચેન્નાઈ ખાતે ૮૨ વર્ષની વયે તા. ૧૫-૬-૧૮ના રોજ દેહાંત થયો છે.

શ્રીહરિ ગતાત્માનું સર્વ પ્રકારે શ્રેય પ્રેરે એવી ભાવનાપૂર્વકની અમારી પ્રાર્થના છે.

**-સંપાદક**

## (૫) સંસાર તમારો અને અમારો

શ્રીમોટા

સંસાર એ તો ભ્રમણા છે. જ્યાં સાચો પ્રેમ નથી, જ્યાં નિર્મળ ભાવના જોવાની દરકાર નથી, જ્યાં અનેક જાતના સંકોચ છે, રાગદ્વેષ છે, અદેખાઈ અને ઈર્ષા છે એને હું સંસાર કહેતો નથી. એવા સંસાર કરતાં ક્યાંક એકાંત સ્થળે પર્વતની ગુફામાં નદીના કિનારે જંગલમાં પડ્યા રહેવું એ જ હું તો ઉત્તમ માનું.

જે સંસારમાં જે કોઈ સાચે રસ્તે જવાને મથતું હોય, તેને પહેલાં તો નિરુત્સાહ જ બનાવે છે, એવા સંસારને તે શું બાળવો છે ? એવા સંસારને દિલમાં રાખવાનો હજુ તમને મોહ હોય તો ભગવાન તમારો એ મોહ ટળાવો. તમારો એ મોહ જેટલો વહેલો ટળશે એટલા તમો ભ્રમણામાંથી વહેલા ઊગરી જશો.

ઉપર જણાવ્યો છે તે સંસાર આપણને ભ્રમણામાં પૂરી રાખવાનું એક પિંજર છે. એવી ભ્રમણામાં તમે ભલે ત્યાં મહાલ્યા કરો અને એમાં આનંદ ભોગવો. તમારે તો સંસારમાંયે રહેવું છે અને બીજાને પણ તેમાં રાખવા છે, એ વાત બનવાની નથી. તમો તમારે રસ્તે રહો અને અમને અમારા રસ્તે રહેવા દો, અને તેમ કરવા છતાં આપણે એકબીજા પ્રત્યે ઉદાર વૃત્તિ રાખીએ. અંતઃકરણથી ખૂબ નિખાલસ રહ્યા કરીએ અને એકબીજા પ્રત્યે ખૂબ શ્રદ્ધા અને વિશ્વાસ રાખીએ.

આનો અર્થ એમ નથી કે અમારે સંસાર નથી જોઈતો, અમારે સંસાર જોઈએ છે, પણ એ અમારા સંસારમાં રાગદ્વેષ નથી, ઝઘડા કે ક્લેશ નથી, કોઈનું કશું લૂટી લેવાનું નથી.

અમારા સંસારમાં સંપ છે અને જંપ પણ છે. સંસારમાં શ્રદ્ધાનું આકાશ ચારેકોર છાયા કરીને ઠંડક આપતું પ્રસરેલ છે. વિશ્વાસનો ત્યાં સુખ અને આનંદ આપતો રાજમહેલ છે. કશી કોઈ વાતની ત્યાં ગડભાંજ નથી, વહેમને સ્થાન નથી.

સંસારનો લહાવો લેતાં લેતાં જગતમાં કોઈ ધરાયું નથી. અમારા સંસારમાં જો તમારે આવવું હોય તો મારા તમને પ્રેમભર્યા નિમંત્રણ છે. બાકી જો હજુયે સંસાર પ્રત્યેની તમારી ભ્રમણાઓ ભાંગી ના હોય તો એ તમારો સંસાર તમને મુબારક હો.

જે સંસારમાં રહીને રાગદ્વેષ, ઈર્ષ્યા વગેરે વધતાં જતાં હોય, અનેક ઝઘડાનાં મૂળને સંઘરતાં રહેતાં હોઈએ, જ્યાં કદીએ શાંતિ મળતી નથી, એવા સંસારમાં મને તો સમજાતું નથી કે લોકોને એમાં રસ કેમ પડતો હશે ?

સંસારમાં આપવાની ભાવના થયા કરતી હોય તોપણ જે આપવાથી દિલનો સંકોચ જતો ના હોય કે ઉમળકો થતો ન હોય તો એવું આપવું અર્થ વિનાનું છે. આપવું એટલે ભાર ઓછો કરવો. આપવામાં કંઈ પણ સ્વાર્થ કે ગણતરી હશે તો એવું આપવું, આપણને ઊલટું બંધનકર્તા નીવડવાનું.

બાકી હું તો લૂંટારો છું. ગમે તેટલુંય આપો તોય ધરાવાનો નથી. આપણે જે આપીએ છીએ તે આપણા પોતાના જ ખાતર, એવું વલણ જરૂર ફળે છે.

'સંતહૃદય', બી.આ., પૃ. ૧૩૧ ❑

## (૬) નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન

**સ્વામી પ્રેમાનંદ સરસ્વતી**

*(ગતાંકથી આગળ)*

...ઉચ્ચ આધ્યાત્મિક સાધના માટે જર, જમીન, જોરુ ને સુખસગવડની આસક્તિ છોડવી જ પડે. સાધનાના માર્ગમાં આવતાં વિઘ્નો સામે દૃઢ મનોબળ જોઈએ. સાધનાના પરિણામે પ્રાપ્ત થતી સિદ્ધિ, પ્રસિદ્ધિ, પ્રલોભનો સામે ઉદાસીનતા કેળવીને નિયમ-નિશ્ચય દૃઢ રાખે તે જ નિજબોધ નિજરૂપે પ્રાપ્ત કરે. જો વચ્ચે જ મન ઢીલું પડે તો સાધના અધૂરી રહે ને જીવનનો અમૂલ્ય સમય વ્યર્થ જાય.

મૃત્યુ કોઈની વાટ જોતું નથી. કાળ કોળિયો કરી જાય. 'નર્મ' એટલે આનંદ અને 'દા' એટલે દેનાર. ભક્તો આ ધારાના મૂળને હૃદય માને છે. યોગીજનો સહસ્રદલ કમલના મધ્યબિંદુને સ્વીકારે છે. સમગ્ર સુખ, શાંતિ, આનંદ અને જીવનનું મૂળ આ જ છે. એ કેંદ્રમાંથી જીવ નીચે ઊતરી આવી મૂલાધારમાં સ્થિર થયો છે. અનંત કાળથી જન્મ મૃત્યુની જાળમાં ફસાયો છે.

જીવ કાયમી સુખ ને આનંદને ઝંખે છે, પણ જેમાં તે દિવ્યસુખ નથી તેવા ઇંદ્રિયગમ્ય વિષયોમાં તેને શોધે છે. તેથી મૃગજળની જેમ છેતરાય છે, પસ્તાય છે. વાસ્તવમાં એ ચિન્મય સુખ તો જ્યાંથી આ ધારા ઊતરી આવી છે ત્યાં પહોંચવામાં જ છે. ધારાને ઊલટાવી રાધા સ્વરૂપને પકડે તો નિજબોધરૂપે શ્યામસુંદર મળે. રાધા-શ્યામ બન્ને અભિન્ન છે. ધારાનો એક છેડો જીવ છે, તો બીજો છેડો સ્વયંભૂ શિવ કલ્યાણ ભાવ છે. માત્ર સૂરતને ઉલટાવવાની છે.

**'મૂલદ્વાર સે ખીંચ પવન કો ઊલટા પંથ ચલાતા હૈ,**
**મેરુદંડ કી સીઢી બનાકર, શૂન્ય શિખર ચડ જાતા હૈ.'**

આનંદ આપનાર આ ધારાનું મૂળ શોધવું હોય તો સુષુમ્ણા પંથે પ્રવાસ કરવો પડે, ઊર્ધ્વગમન કરવું પડે. શ્રી મકરંદભાઈએ 'અંતરવેદી'માં ઘણું સ્પષ્ટ કર્યું છે. એ એમનો અનુભવ છે. એ રહ્યા સાક્ષર, હું અબૂધ બાળક. એમના જેવું સ્પષ્ટ તો નહિ સમજાવી શકું, છતાંય આ ગહન વિષય ઉપર લખવાનું દુઃસાહસ કરી રહ્યો છું. સુજ્ઞ જનો મને ક્ષમા કરે. બાળકની તોતડી ભાષા માવતરને બહુ મીઠી લાગે ને સાર પર સમજી લે.

અમરદેશ અમરકંટથી આનંદ દેનાર આ ધારા નીકળીને સંસારરૂપી સાગરમાં સમાઈ જાય છે. જે સાધક આ આનંદધારાનું મૂળ શોધવા ઇચ્છતા હોય તે સંસારરૂપી સાગરથી જ યાત્રા આરંભે. ઘર, જમીન, સ્નેહી બધું છોડી ત્યાગી પરિવ્રાજક બની, દંડ, કમંડળ ને કામળો લઈ ઉગમણી દિશા તરફ પ્રસ્થાન કરે. આધ્યાત્મિક સાધકને જે અનુભવ, મન, બુદ્ધિ, ચિત્તની ભૂમિકા પર થાય છે, તેવો જ અનુભવ નર્મદા યાત્રિકને ભૌતિક, વ્યાવહારિક, અવસ્થામાં થાય છે. પ્રથમ ભિક્ષા માગતાં કુળ, જાતિ, પદ, પ્રતિષ્ઠાનો અહમ્ છૂટે. ભૂખ, તરસ, ગરમી, ઠંડી, સુખ, દુઃખ આદિ દ્વંદ્વો પર સ્થિર બુદ્ધિ રાખતાં શિખાય, તિતિક્ષા વૃત્તિ કેળવાય. કાંટા, કાંકરા, ઠોકરો ખાતાં આગળ વધે ને સોનું તવાઈને શુદ્ધ થાય તેમ શુદ્ધ થતાં નાભિસ્થાન (નેમાવર) સિદ્ધનાથ સુધી પહોંચે. ત્યાં પ્રત્યક્ષ સિદ્ધનાથ સમા શ્રીબ્રહ્મચારીજી બાબાના સહવાસને કૃપાપાત્ર થાય.

સાધના કરતાં સાધકમાં યોગ્યતા આવે એટલે લોકો એનું બહુમાન કરે. માલ-મિલકતને પ્રસિદ્ધિનાં ચક્રો ગતિશીલ થાય. નેમાવર પાસેની બાગદી સંગમની સંપત્તિ લોકો મારા ગળામાં નાખતા હતા, ત્યારે મને આ બોધ થયો કે સાધના કરતાં સાધકને પણ આ રીતે જ સિદ્ધિઓનું પ્રલોભન આવતું હશે....ક્રમશઃ

'શ્રીનર્મદામૈયાની પરિક્રમા', બી.આ., પૃ. ૧૪૯ ❑

# (૭) પૂજ્ય શ્રીમોટા સાથેનાં સંભારણાં (૩)

રજનીભાઈ બર્માવાળા

*(ગતાંકથી આગળ)*

શ્રી રતિલાલ રંગૂનવાળા સાથે હું હરિઃૐ આશ્રમમાં પહોંચી ગયો. શ્રીમોટાને રતિલાલે કહ્યું કે 'મોટા ! આ એક ભાઈ રંગૂન-બર્માથી આવેલા છે. તેઓ આજે આપને પહેલીવાર મળવા આવ્યા છે. આટલી ઓળખાણ અપાયા બાદ મેં મારા રંગૂનના ગુરુજીનો પત્ર ધીરે રહીને શ્રીમોટાને આપ્યો. મારી યાદ પ્રમાણે પત્ર આપતાં પહેલાં શ્રીમોટા સાથે મેં કોઈ ઔપચારિક વાત કરી ન હતી કે મને અનુભવાતી ડરામણી-બિહામણી તકલીફોની સૂક્ષ્મ દુનિયાની વાત પણ થઈ ન હતી.'

શ્રીમોટાએ એ પત્ર હાથમાં લઈ ખોલીનો જોયો અને રતિલાલકાકાને જ મોટાએ કહ્યું કે આ પત્ર તમે જ મને વાંચી સંભળાવો. એ પત્ર અંગ્રેજી ભાષામાં હતો. શ્રી રતિકાકાએ એ પત્ર શ્રીમોટાને વાંચી સંભળાવ્યો અને પછી એ પત્ર તેઓએ મને પરત આપ્યો. એ પત્ર અંગે શ્રીમોટાએ મને કંઈ પૂછ્યું નહિ અને મેં પણ એ અંગે શ્રીમોટા સાથે કોઈ વાત કરી નહિ. પણ એટલું થયું કે ત્યાર બાદ જ્યારે જ્યારે શ્રીમોટા આશ્રમમાં આવ્યાની જાણ મને થતી ત્યારે ત્યારે તેઓને રૂબરૂમાં મલવા જવાનું શરૂ થઈ ગયું હતું.

રંગૂન(બર્મા)ના ગુરુજી ઉ તૈંના આશીર્વાદ અને પ્રેરણાથી શ્રીમોટાનું નામ દિલમાં મને સ્ફુર્યું અને તેઓશ્રીને શોધવાની ગડમથલમાં શાંતિમાસી મને મદદગાર થયાં અને કુરુક્ષેત્રનો ઓવારો, જહાંગીરપુરા, હરિઃૐ આશ્રમની વિગત મળી એટલે શ્રીમોટાને મળી શકાયું. આમ, શ્રીમોટાને પ્રથમ વખત ક્યારે અને કેવી રીતે મળી શકાયું એ મુદ્દાની વિગત એક રીતે અહીં પૂર્ણ થાય છે, પરંતુ એ પહેલાં એક ઘટના બની હતી, તેનો ઉલ્લેખ પણ આના અનુસંધાને કરી શકું.

શ્રીમોટાને શોધવાના પ્રયત્નો ચાલુ કર્યા તે સમયે હું એક ફેક્ટરીમાં કારકુન તરીકે નોકરી કરતો હતો. તે સમયના આગેવાન કૉંગ્રેસી નેતા શ્રી વૈકુંઠભાઈ શાસ્ત્રીની એ ફેક્ટરીનું ઉદ્‌ઘાટન શ્રીમોટાના હસ્તે થયું હતું. એ ફેક્ટરીમાં શ્રી કરશનભાઈ પટેલ(કે જેઓ પાછળથી હરિઃૐ આશ્રમ સુરતના સંચાલક મંડળમાં હતા -સં)ના હાથ નીચે મારે કામ કરવાનું હતું. એ ફેક્ટરીના ઉદ્‌ઘાટનની તારીખ ૩૦-૪-૧૯૬૬ના રોજ શ્રી કરશનભાઈની સાથે હું હાજર રહ્યો હતો. શ્રી કરશનભાઈએ એક એવી યોજના કરી હતી કે શ્રીમોટા ઉદ્‌ઘાટન માટે બટન દબાવે એટલે ફૂલના હારથી બનાવેલ પ્રવેશદ્વાર પરનો પડદો ખસી જાય એવી યાંત્રિક વ્યવસ્થા કરી હતી. તે સમયે શ્રી વૈકુંઠભાઈએ કહેલું કે આ શ્રીમોટા અમારા ગુરુ છે. શ્રીમોટાએ પ્રવચન જેવું કંઈ કરેલું કે નહિ તે યાદ નથી પણ શ્રીમોટા અમારા ગુરુ છે, એવું વૈકુંઠભાઈનું વાક્ય બરોબર આજે પણ યાદ છે.

આ આખો પ્રસંગ અને શ્રીમોટાને પ્રથમવાર જોયાની ઘટના સ્મૃતિમાંથી સરકી ગઈ હતી. નહિતર એ વખતે જ શ્રીમોટાની મુલાકાત શક્ય બની હોત, પણ સંતને મળવાનું પ્રારબ્ધ સ્થળ અને કાળને આધીન હોય છે...(ક્રમશઃ)❑

## (૮) સાવલીના સ્વામી સાથે જ્ઞાનગોષ્ઠિ

પુરુરાજ જોષી

રાત્રિના અગિયાર થયા છે. રાત્રિને ઝમ્ ઝમ્ કરતી વહેતી સાંભળું છું, પણ આંખમાં નથી ઊંઘ, અંગમાં નથી થાક, મનમાં નથી સહેજ સરખુંય અસુખ.

સ્વામીજી સંનિકટ રહેવાનો, એમનો કૃપાસ્પર્શ પામવાનો લહાવો મળ્યો હોય પછી અસુખ કેવું ?

મંદિર ગયો ત્યારે બહુ થોડા માણસો બેઠેલા. બીજી ભીડ થોડી વાર પહેલાં જ વીખરાઈ હશે. સ્વામીજીની ચા આવી. સાથે પંડિતજી વગેરે માટે પણ આવી. પંડિતજી ચા પીતા હતા ત્યાં સ્વામીજી કહે, 'પંડિતજી, આપ પેંડે ખાયેંગે ?' પંડિતજીએ હા પાડી એટલે કહે, 'તો આપકો ચાય છોડ દેની પડેગી. ગમે તે એક વસ્તુ મળે. એક લો, એક છોડ દો. ચાય પિયોગે તો પેંડે છોડ દેને પડેંગે ઔર પેંડે લોગે તો ચાય છોડ દેની પડેગી...!'

આવી હંસીમજાક કરતાં સ્વામીજી એકદમ ગંભીર વાત પર ઊતરી આવ્યા. કહે, '-એરકંડિશન્ડ રૂમ હૈ, ડનલોપપીલો કી ગાદી હૈ, તો વહાં નીંદ નહીં હૈ. જહાં ગહરી નીંદ સુલભ હૈ તો ઉન કે પાસ સોનેકી સુવિધા નહીં હૈ. જહાં ભૂખ હૈ, વહાં ભોજન નહીં હૈ ઔર જહાં કઈ તરહ કે મેવામીઠાઈ હૈ વહાં ભૂખ હી નહીં લગતી ! બનાનેવાલેને કૈસા જગત બનાયા હૈ ! કોઈ ઉસે સચ માનતા હૈ તો કોઈ ઉસે સપના કહેતા હૈ. લેકિન ઈચ્છાઓં કો છોડને કે લિયે કોઈ રાજી નહીં.'

પછી ખૂબ હસતાં હસતાં કહે, 'બંદર કો કિસ તરહ પકડતે હૈં, જાનતે હો ?'

અમે કહ્યું. ના જી, તો કહે 'અરે ! વાંદરાને કેવી રીતે પકડે છે તે ખબર નથી !...વાંદરો બહુ ચંચળ હોય છેને ? એમ ને એમ પકડવા જાવ તો બટકું ભરી લે. કોઈ રીતે પકડાય નહિ. જે લોકો વાંદરાને પકડવા જાય એ પોતાની સાથે એક બૉક્સ જેવું લઈ જાય છે. એમાં ચણા હોય છે. ચના બંદર કો બહુત પ્રિય હોતા હૈ. બૉક્સમાં એક નાનું અમસ્તું કાણું પાડેલું હોય છે. વાંદરાનો હાથ અંદર જઈ શકે એટલું જ. ફિર ચના ખાને કી લાલચ મેં બંદર બૉક્સ મેં હાથ ડાલતા હૈ. મુઠ્ઠી મેં ચના ભરતા હૈ, ઔર જબ હાથ ખીંચતા હૈ તો હાથ બાહર નહીં નીકલ પાતા. કેમ ? મૂઠી વાળી દીધેલી છેને ? બાખું એટલું સાંકડું છે કે મુઠ્ઠી વાળેલો હાથ એમાંથી પસાર થઈ જ ના શકે, પણ બંદરને ચણા વહાલા છે. ચણાને એ છોડી નથી શકતો. મુઠ્ઠી ખોલી દે, ચણા જતા કરે તો હાથ બહાર નીકળે પણ મુઠ્ઠી ખોલ્યા વિના જ હાથ કાઢવા મથામણ કરે છે, પણ હાથ નીકળતો નથી એટલે એને લાગે છે કે કોઈએ એને પકડ્યો છે... બૂમા બૂમ કરી મૂકે છે ત્યાં સુધીમાં તો એના ગળામાં દોરી નાખીને એને પકડી લેવામાં આવે છે...**અજ્ઞાની મનુષ્ય કી હાલત ભી ઈસ બંદર જૈસી હૈ. થોડે સે ચને કી લાલચ મેં જિંદગીભરકી ગુલામી કરતેં હૈ લોગ...'**

પછી ખુશામદની વાત નીકળી. સ્વામીજી કહે, 'ખુશામદ સબકો પ્યારી હોતી હૈ. હમારા માનના હૈ કિ ભગવાનને મનુષ્ય કો પૈદા હી ઈસલિયે કિયા હૈ. ભગવાનને યે સારી સૃષ્ટિ

બનાઈ. પેડ-પૌધે, પહાડ, નદિયાં... લેકિન ફિર ભી ઉસે સંતોષ નહીં હુઆ. ક્યોંકિ ઉસ કી બનાઈ હુઈ યે સુંદર ઔર ભવ્ય સૃષ્ટિ કો દેખકર કોઈ ઉસકી પ્રશંસા કરનેવાલા હી તો નહીં થા. તબ ભગવાનને મનુષ્ય બનાયા. મનુષ્યને ઇસ સૃષ્ટિ કા સૌંદર્ય દેખા ઔર ઉસ કે સર્જનહાર કી સરાહના મેં કઈ સ્તોત્ર બનાયે...'

'ભક્તિ ક્યા હૈ ? ભગવાન કો પ્રસન્ન કરને કો હી ભક્તિ કહતે હૈ નાં ? ભગવાન ખુશ હોય જાયેં તો ફિર ચાહે વો માંગ લો ઉસસે. સબકુછ દે દેગા. ક્યોંકિ તુમ ઉસકે ભક્ત હો, પ્રશંસક હો... પ્રશંસા સે ખુશ હોકર વો સબ કુછ કરેગા...!'

પછી અગાઉ ઘણી વાર કહેલી વાત સ્વામીજીએ આ વાતની સાથે જોડી દીધી : 'અપને સે બલ, બુદ્ધિ યા ધન સે બડા હૈ ઉસકી દોસ્તી કરો. જહાં ભી મિલે ઉસકા અભિવાદન કરો. કહો કિ, વાહ ! તુમને યે અચ્છા કિયા, તુમને વો બહુત અચ્છા કિયા... લેકિન લોગ મોટા માણસોની ઈર્ષ્યા કરે છે. અમને જ ઘણા લોકો કહે છે ને કે-બાપજી તો ગાડીઓવાળાને બહુ માન આપે છે ! હમ કહતે હૈં, હા. ગાડીવાલે કો દેખકર હમેં આનંદ હોતા હૈ. હમારા કોઈ પરિચિત માનસ ગાડી ફેરવતા થાય એમાં અમને આનંદ થાય છે. તો હમ ઉસકી ગાડી કો દેખને જાયેંગે. ઉસ કો ગાડી તક છોડને જાયેંગે. ઉસકી ગાડી સે હમેં કોઈ વાસ્તા નહીં, લેકિન ઉસ કે પાસ ગાડી આઈ ઉસકા હમેં આનંદ હૈ. જૈસે હમારે પરિવાર મેં કિસી કો નૌકરી મિલ જાતી હૈ યા કિસી કી તરક્કી હોતી હૈ તો સબ ઉસ કો વધાઇ દેતે હૈં ના ?'

'દૂસરી બાત હૈ : અપને સે જો છોટે હૈં - ધનથી, મનથી, તનથી યા જ્ઞાનથી - કિસી ભી તરહ **જો છોટે હૈં ઉસ પર દયા કરો.** લેકિન જ્યાદાતર લોગ છોટે લોગોં કા તિરસ્કાર હી કરતે હૈં. તુમને માર્ક કિયા - અમે યે છોટે લોગોં કે સાથ ભી એટલા જ પ્રેમથી આત્મીયતાથી વાત કરીએ છીએ. અમે એમને કદી ગાળ દઈએ નહિ કે ધમકાવીએ નહિ. એને કારણે જે કામ તમે કરાવો તો મહિનામાં થાય તે અમારે ઘંટો મેં હોતા હૈ.'

સાડા નવ સુધી આવી જ્ઞાનગોષ્ઠિ ચાલી. એ પછી પેલા લોકો ઊઠ્યા. સ્વામીજી હંમેશની જેમ એમને દરવાજા સુધી મૂકી આવ્યા. પછી આવતાં જ અમને કહે- 'કેમ બેસી રહ્યા છો ? તમારે લોકોને જવું નથી ?'

બચુભાઈ કહે, 'બાપજી, તેલ-માલિસ કરીને જઈએ...'

સ્વામીજી હસ્યા. નીચે જઈને બાટલી લઈ આવ્યા. મેં સ્વામીજીના રુક્ષ વાળમાં તેલ ઘસવા માંડ્યું. બચુભાઈ અને દિલીપ એમના પગ તળાંસવા લાગ્યા...

ઘણા દિવસ પછી આજે સ્વામીજીને નિરાંતે મળવા-સાંભળવાનો લહાવો મળ્યો. સેવાનો લાભ મળ્યો. સ્વામીજીના શરીરને સ્પર્શવાથી શરીરમાં ન સમજાય એવી સ્ફૂર્તિ અને ચેતનાનો સંચાર થાય છે. દિવસભરનો થાક ગાયબ થઈ જાય છે અને મોડી રાત લગી કામ કરવાનું બળ મળે છે. આ વાત તો જેણે અનુભવ કર્યો હોય તેને જ સમજાય એવી છે, પણ બધાં સમજે એવો આગ્રહેય શા માટે ?

'જિજ્ઞાસુની ડાયરી', બી.આ. પૃ. ૧૪૬ ❑

# (૯) ગોધરાના બાપજી મહારાજ : (૧)

મુકુલ કલાર્થી

'ગોધરાના બાપજીનું જીવન ગૃહસ્થાશ્રમીઓ માટે પ્રેરણાદાયક છે. પૂજ્ય શ્રીમોટા બાપજીના સમાગમમાં આવ્યા હતા. બાપજીનાં ધર્મપત્ની ભારે કર્કશા હતાં. મહાન સંત બાપજીનું સૌ ભક્તજનોની હાજરીમાં તે અપમાન કરી બેસતાં, પરંતુ બાપજી બધું શાંત અને સ્વસ્થ ચિત્તે સહી લેતા. આની અસર પૂજ્ય શ્રીમોટા પર એટલી બધી પડી હતી કે, તેમના કોઈ પ્રશંસક કે સ્વજન પૂજ્ય શ્રીમોટા આગળ પોતાની કજિયાળી, કપરી પત્ની વિશે ફરિયાદ કરે કે રોદણાં રડવા લાગે, તો તેને પૂજ્ય શ્રીમોટા **'ગોધરાના બાપજીનું જીવનચરિત્ર'** વાંચવા આપતા કે જેથી તેને ખાતરી થાય કે પોતાની વિટંબણા બાપજીની વિટંબણાની સરખામણીમાં કંઈ જ નથી, અને તેમાંથી તેને કંઈક પ્રેરણા પ્રાપ્ત થાય.'

ગોધરાનાબાપજી મહારાજનું જીવનચરિત્ર બી.આ.ના નિવેદનમાંથી. સાભાર અંશ.

પૂજ્ય બાપજીનાં માતાપિતા સાધુચરિત હતાં. તેમના પુત્ર પુરુષોત્તમ પણ સાધુચરિત જ નીવડી નામ પ્રમાણે પુરુષોમાં ઉત્તમ થયા. પિતા સેવકરામ ભગત ખરેખર ભગત જ હતા. અમદાવાદના ભૌતિક અને અર્થપ્રેમી વાતાવરણથી તેમનો શ્રેયાર્થી જીવ અકળાયો હશે. એટલે શાંતિથી ભક્તિમય જીવન જીવી શકાય એ વિચારે ગુજરાતમાં સ્થળની શોધમાં નીકળી પડ્યા.

ગોધરા ગામને સીમાડે અત્યારે જ્યાં તળાવ છે અને કાંઠે ધર્મશાળા તથા કૂવો અને વચમાં ખડકી છે એ સ્થળ યોગ્ય લાગતાં સેવકરામે ત્યાં નિવાસ કર્યો. તે સમયે ત્યાં જામફળીના વન જેવું હતું. તે જમાનામાં લોકો ભૂત, ડાકણ, પ્રેત વગેરેનાં વહેમોમાં ડૂબી ગયા હતા એનો લાભ ભૂવાઓ વગેરે બરાબર ઉઠાવતા હતા.

સેવકરામ ભગતજી લોકોને શંકા-વહેમથી મુક્ત થઈ નિર્ભય થવા ધર્મકથા તથા ભજનો દ્વારા સમજાવવા લાગ્યા. રાત્રિના સમયે કથાવાર્તા અને દિલમાં ઊતરી જાય એવી વાણી સાંભળવા માટે ભાવિક ભક્તો ભેગાં થતાં હતાં. ભજનની પણ રમઝટ જામતી હતી. સેવકરામ હનુમાનજીના પરમ ભક્ત હતા. તેઓએ લોકોને નીડર બનાવ્યા અને ભૂતપ્રેતના વહેમોમાંથી ઘણાંને મુક્ત કર્યા હતા. ગીતાજીનું હસ્તલિખિત પુસ્તક તેઓ પોતાની પાસે રાખતા. સેવકરામે ચાળીસ વર્ષની ઉંમર પછી ઘરસંસાર માંડ્યો હતો. સૂબેદાર અન્ના સાહેબ ભગતજી તરફ આકર્ષાયા હતા. ભગજી રહેતા હતા તે ખડકી વગેરેની જગ્યા બક્ષિસમાં આપેલી. એક સાદું ઘર બનાવી તેમાં તેઓ રહેતા હતા. ભગતજીનાં ધર્મપત્ની પણ સાધુચરિત હતાં. એટલે ઘરનો બધો કારભાર પત્નીને સોંપીને ભગતજી દૂર નદી તરફના રસ્તે એકાંતમાં ફર્યા કરતા. ભકતજીને ચાર દીકરાઓ હતા. રણછોડદાસ, ભૂરાભાઈ, પુરુષોત્તમદાસ અને છોટુભાઈ.

પુરુષોત્તમદાસ એટલે પૂજ્ય બાપજીનો જન્મ ઈ.સ. ૧૮૫૪માં એટલે સંવત ૧૯૧૧માં જન્માષ્ટમીની રાત્રે બાર વાગ્યે થયો હતો. શ્રીકૃષ્ણના જન્મસમય સાથે એ એક સુયોગ ગણાય. નાનપણથી જ પિતાની જેમ તેઓ ભક્તિ તરફ વળ્યા હતા. એમના મધુર બાળકંઠે ગવાતાં

**(અનુસંધાન પેજ નં. ૨૪ ઉપર)**

## (૧૦) પૂજ્ય શ્રીમોટાની કૃપાસહાય અમે અનુભવી છે

શાંતિલાલ એન. પટેલ

પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં અમે આવ્યા એનું શ્રેય કે નિમિત્ત મારા પિતાશ્રી નરસિંહભાઈના નાના ભાઈ એટલે મારા નટવરકાકાને છે. અમારા વતન બાવળામાં તેમની કાપડની દુકાન હતી. મારા દાદાશ્રી એટલે નટવરકાકાના પિતાશ્રી માધવદાસના પવિત્ર અને વાનપ્રસ્થ પ્રકારનું જીવન જીવતા હતા. 'હરે રામ, રામ રામ હરે હરે, હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે' એ એમનો મંત્ર હતો. બ્રહ્મમુહૂર્તમાં તેઓશ્રી આ મંત્રનો જપ કરતા હતા. બાવળામાં અમારો પરિવાર ભગત પરિવાર તરીકે ઓળખાતો હતો.

મારા નટવરકાકાને સંગીત શીખવાની રુચિના કારણે તેઓ ગાંધીઆશ્રમના ભજનિકશ્રી નારાયણ મારેશ્વર ખરે અને તેમની દીકરી મથુરીબહેન ખરેના સંપર્કમાં આવેલા. પાછળથી એ મથુરીબહેન સાથે અમે કુટુંબની દીકરી-બહેન જેવા પારિવારિક સંબંધોથી જોડાયા હતા. પૂજ્ય શ્રીમોટાનું રહેવાનું પણ આશ્રમમાં હોવાથી નટવરકાકાના સંબંધને કારણે શ્રીમોટા બાવળા તેમને ત્યાં અગમ્ય નિમિત્તસર આવતા હતા. તે સમયે હું ઘણો નાનો શાળાનો વિદ્યાર્થી. શ્રીમોટાને નટવરકાકાના ઘેરથી તેમની દુકાને જવામાં હું સાથે જતો. પાછા વળતાં પણ હું સાથે રહેતો. બપોરના આરામ બાદ ફરીથી દુકાને જવાનો અને મારો સાથે રહેવાનો ક્રમ ચાલુ રહેતો. તે વખતે તો શ્રીમોટા ખાસ જાહેરમાં આવેલા નહિ. બાવળામાં એક બીજું કુટુંબ શ્રી કાંતિલાલ જગજીવનદાસ પટેલને ત્યાં પણ શ્રીમોટા પધરામણી કરતા.

અમારા પરિવારે ગાંધી સંસ્કારો ઝીલ્યા હતા એટલે શ્રી રવિશંકર મહારાજ, મુનિ શ્રીસંતબાલજી, શ્રીનવલભાઈ શાહ વગેરેનો આવરો જાવરો રહેતો. ભાલનળકાંઠાના વિસ્તારમાં સેવાકાર્યોમાં તેઓ ઓતપ્રોત હતા. નટવરકાકાના મકાનના ખાતમુહૂર્ત વખતે અને વાસ્તુપૂજન સમયે એમ બન્ને વખત પૂજ્ય શ્રીમોટા ઉપસ્થિત રહ્યા હતા. નડિયાદ આશ્રમ માટે મુખ્યત્વે ચોખા અને ક્યારેક ઘઉં પણ નટવરકાકા મોકલતા. તે નિમિત્તે મારે નડિયાદ આશ્રમે જવાનું બનતું. શ્રીમોટાના ઉત્સવો યોજાતા તેમાં જવાનું થતાં મોટા કોઈ મોટી હસ્તી છે એમ ખ્યાલ આવ્યો હતો.

કૉલેજના અભ્યાસ અર્થે મારે અમદાવાદ જવાનું થયું. અભ્યાસ દરમ્યાન અને તે બાદ અન્ય એક કૌટુંબિક વડીલ ગોપાળકાકાની હોલસેલ અનાજની પેઢીએ બેસવાનું થયું હતું. ગુજરાત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કૉર્પોરેશન અને કાલુપુર કો-ઑપરેટીવ કૉમર્શિયલ બૅંકમાં તેઓ ટોચના હોદ્દેદાર હતા. મારા નટવરફુઆ દ્વારા સ્ટેટ બૅંક ઑફ ઈંડિયાના અમદાવાદના અધિકારી સી. જે. દેસાઈ સાહેબની મદદથી મને તે બૅંકમાં નોકરી મળેલી. તેમનું મોસાળ બાવળામાં હતું. મારાં માતુશ્રી ચંપાબહેનનો દેહાંત તો મારી દોઢ-બે વર્ષની ઉંમરે થયો હતો, પણ એમની ખાનદાની અને શાખ ઘણી સારી હોવાની વાત એ દેસાઈ સાહેબનાં માતુશ્રીએ અમને કહી સંભળાવી હતી.

સ્ટેટ બૅંકમાં નોકરી દરમ્યાન નડિયાદ આશ્રમના મણિકાકાનો પુત્ર પણ સ્ટેટ બૅંકમાં હોઈ સંપર્ક વધ્યો હતો. ઉપરાંત, બૅંકના અધિકારી

સુરેશ સંતના ત્યાં મોટાની જ્યારે પધરામણી હોય ત્યારે વ્યવસ્થામાં ભાવપૂર્વક હું જોડાતો હતો. ભલે મોટા સાથે બહુ વાતચીત ન કરીએ પણ સેવક તરીકે એમના સંપર્કમાં રહેવાનો લાભ મળતો હતો.

નડિયાદ આશ્રમમાં મૌન અનુષ્ઠાનમાં બેસવા હું જતો હતો. એક વખત તો મૌનરૂમનું બારણું બંધ કરવા શ્રીમોટા પોતે આવ્યા હતા. એ રીતે તેઓશ્રીએ મને મૌનરૂમમાં બેસાડ્યો હતો એમ ગણાય. એક મૌન વખતે જાળિયા ઉપર નાગદેવતા સતત ફરતા નજરે પડ્યા હતા. તે સમયે શ્રીમોટાને રક્ષણ માટે પ્રાર્થના કરતો હતો. મૌનમાંથી નીકળ્યા બાદ આ ઘટના અંગે એક સ્વજને કહેલું કે એ નાગદેવતાનાં દર્શન માટે તમો ભાગ્યશાળી ગણાવ.

અમદાવાદમાં શાહપુરના ભાડાના મકાનમાં અમે પૂજ્ય શ્રીમોટાની પધરામણી કરાવવાનો લાભ લઈ શક્યા હતા. મોટાની એક આગવી રીત હતી કે જ્યારે તેઓને મળીએ ત્યારે કુટુંબના વડીલોની ખબર અંતર પહેલાં પૂછે. એ રીતે માધવદાસનાં પત્ની જડીબા અંગે મોટા કાયમ પૂછપરછ કરતાં. મારી નાનપણની જાણકારી પ્રમાણે જડીબા મોટા પ્રત્યે ખાસ ભક્તિભાવ ધરાવતાં ન હતાં. છતાં મોટા ચાહીને તેમની કુશળતા પહેલી પૂછતા.

મને વધારે લાભ તો શ્રીમોટાનાં પુસ્તકોના વાંચન દ્વારા મળેલો છે. ઉત્સવોમાં હાજરી આપતો હતો. છેલ્લે નડિયાદ આશ્રમ પાસે બીલોદરા ગામની સ્કૂલમાં ઉત્સવમાં જવાયું હતું. તે પછી જવાનું બન્યું નથી. મોટા સાથેના સંપર્કના કારણે અમારા પરિવારના જે વારસાઈ ગુણ હતા તેમાં સારી એવી વૃદ્ધિ થઈ છે અને અન્ય સાધુ સંતોના સંપર્કમાં આવવાનું બન્યું છે.

વિરમગામ પાસે વંથળ ગામના એક સાધુપુરુષ નામે પુરુષોત્તમલાલજી મહારાજના સંપર્કમાં નટવરકાકાના નાના ભાઈ ત્રિકમકાકા હતા. હવે તો અમદાવાદ પાસે ઘૂમામાં તેઓનો આશ્રમ છે. અમારી વિનંતીનો સ્વીકાર કરી એક સાંજે સત્સંગ ને પ્રસાદ માટે તેઓની પધરામણી અમારા મકાનમાં થઈ હતી. પચાસેક સત્સંગીઓની પ્રસાદી બનાવી હતી, પરંતુ સત્સંગમાં આવેલા ૧૨૫-૧૫૦ જેવાઓને પ્રસાદ લઈને જવાનું મહારાજશ્રીએ (સ્વામીજીએ) કહેતાં અમારી જે સ્થિતિ થઈ હતી તે વર્ણવવી મુશ્કેલ હતી. અમે પતિ પત્ની ઘરમાં જઈ રડી પડેલાં, પરંતુ પ્રથમ તેઓએ પ્રસાદ લીધા બાદ બાકીની રસોઈ ઉપર તેઓશ્રીએ નજર ફેરવી અને કહ્યું કે હવે હરિહર કરો. તે બાદ તો ૧૫૦ ઉપરની સંખ્યાના જમ્યા બાદ રસોઈ જાણે અખૂટ-અક્ષય થઈ હોય તેમ સોસાયટીમાં પણ પ્રસાદ વહેંચી શકાયો હતો.

ડોંગરે મહારાજનાં શિષ્યા સંધ્યાબહેન ત્રિપાઠી દ્વારા ભાગવત્ સપ્તાહના આયોજનમાં સહયોગી બનવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયેલું. એ સપ્તાહના પ્રસંગો પણ વિરલ અને અવર્ણનીય રહ્યા હતા.

મારાં ધર્મપત્ની શ્રીમતી વિમલાનો ઉપર ઉલ્લેખ કરાયેલ. દરેક સત્ કાર્યમાં ઉમંગભેર સાથ-સહકાર સતત મળતો રહ્યો છે. જીવનસાથી અનુકૂળ હોય તો જીવનપંથ ઉપર જીવનયાત્રાની મુસાફરીમાં સરળતા રહે છે. એ પણ મારે મન સરવાળે તો શ્રીહરિકૃપાનો એક અંશ જ છે.

પૂજ્ય શ્રીમોટા સાથે બાવળામાં જે ડગલાં ચાલતો, પછી મૌનરૂમમાં શ્રીમોટાએ મને પૂરેલો,

અમારા ભાડાના મકાનમાં પધારી પૂજ્યશ્રીએ પ્રસાદ ગ્રહણ કરેલો અને શ્રી સુરેશ સંતના ત્યાં મોટા હોય ત્યારે નજીકથી તેમની સેવામાં રહેવાનો મોકો મળતો વગેરે સ્થૂળ પ્રસંગોની અસર તો છે જ. સાથોસાથ સૂક્ષ્મ અને આંતરિક જીવનમાં પણ અનુભવેલા અનેક નાના મોટા પ્રસંગો છે. મારા જેવાને સ્ટેટ બૅંક જેવી સંસ્થામાં નોકરી મળી એ પણ એમની કૃપા સહાય છે. હવે લાગે છે કે મોટાને ઓળખવામાં અને તેમનો લાભ લેવામાં અમે ઊણા ઊતર્યા છીએ. છતાં ઘડીથી પણ આધી ઘડીનો સત્સંગ શ્રેયકારી છે એમાં સંશય નથી.

આજની તારીખે પણ પૂજ્ય શ્રીમોટાએ કહેલું વાક્ય હૃદયસ્થ છે. તેઓ કહેતા કે સ્થૂળ દેહે તો તમને મારા કરી સાચવીશ, પણ જ્યારે સદેહે નહિ હોઉં ત્યારે સૂક્ષ્મરૂપે અત્યાર કરતાં ઘણી ઝડપ અને ઘણી જગાએ હું વિચરી મારાં સ્વજનોને હું મદદ કરતો રહીશ. જે આજે હું અનુભવ કરી રહ્યો છું. મારું કામ આખો દિવસ રૂપિયા સાથેનું છે. રોજના લાખોની ઊથલપાથલ કરવાની જવાબદારી છે. કામ શરૂ કરતાં પહેલાં પૂજ્યને પ્રાર્થના કરું છું કે મોટા મારા કામમાં કંઈ ચૂક થાય તો તમે મદદે આવી મને તેમાંથી બચાવી લેજો ને મારે હાથે સાચાં ને સારાં કામો જ કરાવજો. આજ સુધી ભૂલ થઈ હોય તોપણ એની મેળે ટૂંકમાં ઉકેલ આવી ગયો હોય એ મારો અંગત અનુભવ છે. હું તો સૌને વિનંતી કરું છું. તમો પણ કોઈ તકલીફમાં હોવ ત્યારે મોટાને દિલથી પ્રાર્થના કરી અનુભવ કરી જોજો.

❑

**(અનુસંધાન પેજ નં. ૨૧ નું ચાલુ)**

ભજનો ભક્તજનોને ભક્તિભાવમાં તરબોળ કરી દેતાં, પણ બાપજી પાંચેક વર્ષના હતા તેવા સમયે ભગતજી અચાનક અવસાન પામ્યા. જો કે માતાજીનો દેહાંત બાપજી ચૌદ વર્ષના હતા ત્યારે થયો હતો. બ્રહ્મમુહૂર્તમાં તેઓએ પ્રાણ છોડતાં પહેલાં પાડોશણને હાક મારીને જગાડીને કહ્યું : ‘હું જાઉં છું. મારા પુરુષોત્તમની ભાળ લેજો.’ ઠંડા પાણીએ સ્નાન કરી શાંતિથી ચિરનિદ્રામાં પોઢી ગયાં.

ભાઈઓ ભાગની વહેંચણીમાં બાપજીએ ખાસ રસ ન લીધો. તેમના ભાગે આવેલ ઘરના નાના ભાગને રિપેરિંગ કરાવવા ભાઈ રણછોડદાસે પૈસા ધીર્યા હતા. એ રકમ પરત કરવાનું બાપજી માટે શક્ય ન બનતાં ગોધરા છોડી મહુધા રહેવા જતા રહ્યા. દસેક વર્ષ બાદ સગાંવહાલાંના સમજાવવાથી પાછા ગોધરા આવીને રહ્યા.

બાપજીનો કુટુંબનો વ્યવસાય કુંભારકામનો હતો. વગડે જઈ માટી લાવી, તળાવેથી પાણી લાવી માટીને બરોબર ગૂંદે અને પછી ચાક પર ચઢાવે. બાપજી હાથઘડીઆ કહેવાતા. જાતજાતના ઘાટ તેઓ ઉતારતા હતા. બાપજીના હાથમાં કામ હોય પણ હૈયામાં તો ‘મારો રામ’ રમતો હોય. માટી ગૂંદતાં ગૂંદતાં ભજન ગણગણતા હોય. મહારાષ્ટ્રના સંતભક્ત ગોરા કુંભારનું સ્મરણ થયા વિના ના રહે. ભટ્ઠી સળગાવવી, લાકડાં લઈ આવવાં, નિભાડો ખડકવો વગેરે કેટલાંક કામ કરે ત્યારે માંડ માંડ ગુજરાન જેટલું મળી રહેતું. ક્રમશઃ...

‘ગોધરાના બાપજી મહારાજનું જીવનચરિત્ર’, બી.આ. પૃ.૬ ❑

## (૧૧) શ્રી હાંસજીભાઈનું સાઈટીકાનું દર્દ શ્રીમોટાએ મટાડ્યું હતું

રજનીભાઈ બર્માવાળા

સાક્ષાત્કારી શરીરધારી સંતો સર્વ સમર્થ હોય છે. તેઓ સર્વ સમયે સર્વત્ર હાજરાહજૂર હોય છે. તેઓ સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન હોય છે. તેમનાં ભક્તોને ભગવાનના માર્ગે વાળવા માટે તેઓની મુશ્કેલીના સમયે મદદ કરતા હોય છે, પણ જે તે ભક્ત સાથે એવું કંઈક નિમિત્ત હોવું જોઈએ.

શ્રીમોટાના શ્રીસદ્‌ગુરુ શ્રીધૂણીવાળા દાદાજીની અલૌકિક શક્તિના પરચા અનેક લોકોને મળ્યા હતા. શ્રીદાદાજી એક દંડો રાખતા હતા. ભક્તો જ્યારે એમને પગે લાગતા ત્યારે એમની મુશ્કેલી-ગૂંચ-પ્રશ્નના ઉકેલ માટે જો નિમિત્ત હોય તો પેલો દંડો ફટકારતા. એને કારણે જે તે તકલીફ દૂર થઈ જતી.

શ્રીમોટા પાસે પણ ઘણાં સ્વજનો એમનાં દુઃખ-દર્દોની વાતો લઈને આવતાં. આર્થિક, પારિવારિક કે સાંસારિક એવી વિવિધ પ્રકારની સ્વજનોની મુશ્કેલીઓ શ્રીમોટાની કૃપા સહાયથી દૂર થયાના અનેક પ્રસંગો છે. કેટલાંક સ્વજનોએ એ વિગતો વ્યક્ત પણ કરી છે. આવી એક ઘટના હરિઃૐ આશ્રમ, સુરત ખાતે બની હતી. તેનો હું સાક્ષી હતો. આ ઘટનાને ઘણાં વર્ષો થઈ ગયાં છે, પણ જે હકીકત સ્વરૂપે પ્રસંગ છે અને એના સાક્ષી જ્યારે એની વિગતો કહે કે લખે તો તે કદી કાળને આધીન હોતી નથી.

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ગામ લવાછાના અનેક સ્વજનો શ્રીમોટા સાથે સંકળાયાં છે. તે ગામના શ્રીઝીણાકાકા તેમાં સાંકળરૂપે હોઈ પણ શકે. લવાછાના શ્રી હાંસજીભાઈ ગોવિંદભાઈ પટેલ એક સ્ટીમર પર ખલાસીની નોકરી કરતા હતા. તેઓને સાઈટીકાના ભયંકર દુખાવાની તકલીફ હતી. શ્રી હાંસજીભાઈને કોઈકે કહ્યું હશે કે સાઇટિકાનું દર્દ મટવું મુશ્કેલ હોય છે, પરંતુ જો કોઈ સંતની કૃપા થાય તો મટી પણ શકે છે. શ્રી હાંસજીભાઈને મનોમન વિચાર આવ્યો કે સંત તો અમારા મોટા છે જ. એટલે એ દર્દ મટાડવાની આશાએ તેઓ એક દિવસ સવારે હરિઃૐ આશ્રમ સુરતમાં આવ્યા હતા.

સવારના ૬ થી ૯ કે ૯.૩૦ સુધી સ્વજનો શ્રીમોટાનાં દર્શને આવતાં. શ્રીમોટાને મળતાં અને પોતાની જે કોઈ મુશ્કેલી હોય તે કહેતાં પણ ખરા. આ તો અનેક સ્વજનોના અનુભવની વાત છે. શ્રી હાંસજીભાઈ સવારના આશ્રમમાં આવ્યા ત્યારે આશ્રમમાં કાર્યાલયની પાસે હાલ જે ગાદી છે ત્યાં શ્રીમોટા સૂતેલા હતા.

શ્રી હાંસજીભાઈને સાઇટીકાની બહુ તકલીફ હતી. સતત દુખાવો રહે, બેસવામાં, સૂવામાં પણ મુશ્કેલી રહેતી. તેમના આ દર્દની વાત ઝીણાકાકા દ્વારા કે અમારી મારફત શ્રીમોટાને જાણ કરાઈ હતી એવો ખ્યાલ છે. શ્રી હાંસજીભાઈનું એવું કોઈ નિમિત્ત શ્રીમોટા સાથે હશે એટલે શ્રીમોટાએ કહ્યું કે એ દર્દ મટાડવા માટે તો છાણાંની રાખ જોઈએ. શ્રીઝીણાકાકા જહાંગીરપુરા ગામમાં જાતે ગયા અને છાણાંની રાખ લઈ આવ્યા.

શ્રીમોટાએ હાંસજીભાઈને કહ્યું કે શર્ટ-બુશર્ટ કાઢી નાખો અને આ પલંગ પર ઊંધા થઈને સૂઈ જાઓ. તે સમયે લાકડાનો એક પલંગ હાલના

કાર્યાલય અને કોઠાર વચ્ચે પડી રહેતો. તેના ઉપર શ્રી હાંસજીભાઈને ઊંધા સુવાડી દીધા. તે પછી શ્રીમોટાને પલંગમાંથી ઉઠાડીને વ્હીલચેરમાં બેસાડ્યા અને પેલી છાણાંની રાખ શ્રીમોટાને આપવામાં આવી. શ્રીમોટાએ સ્વહસ્તે શ્રી હાંસજીભાઈને તેમના માથાથી કમરના નીચેના ભાગ સુધી એ રાખ ચોળી આપી.

શ્રીમોટાની રાખ ચોળવાની ક્રિયા ચાલુ હતી એ દરમ્યાન કેટલાંક સ્વજનો ત્યાં ટોળાંરૂપે ભેગાં થઈને જોવાં લાગ્યાં હતાં. એટલે શ્રીમોટાએ જરા ગુસ્સે થઈને બધાંને ટપાર્યા હતા કે શું આ તમાશો છે ? નીકળો બધાં અહીંથી.

આ પછી શ્રીમોટાએ શ્રી હાંસજીભાઈને ઊભા થવાનું કહેતાં તેઓ ઊભા થઈ શક્યા હતા અને સાઇટીકાનું દર્દ જાણે જતું જ રહ્યું હોય એવી રાહત તેઓએ અનુભવી હતી. ત્યાર બાદ શ્રીમોટાએ તેઓને કહ્યું હતું કે તું આટલી બે વસ્તુ પાળજે (૧) દારૂ પીવો નહિ અને (૨) ગાયને ઘાસ નાખતા રહેવું.

શ્રી હાંસજીભાઈએ થોડા સમય માટે તો આ બધાનું પાલન કર્યું હતું, પણ પાછળથી એવી ખબર પડી હતી કે તેમણે દારૂ પીવાનું તો ચાલુ કર્યું હતું.

❑

## ગયેલા આત્માને...

માતા સરસ્વતીના સાદ્યંત ઉપાસક, સારસ્વત વિદ્યાપુરુષ, ગુજરાત યુનિવર્સિટીના નિવૃત્ત અધ્યક્ષશ્રી **પ્રોફે. ડૉ. શ્રી લક્ષ્મેશભાઈ જોષી**નું ૮૩ વર્ષની વયે તા. ૧૨-૭-૨૦૧૮ના રોજ અમદાવાદ ખાતે દેહાવસાન થયેલ છે. તેઓશ્રીના જ્ઞાનનો લાભ હરિભાવના વાંચકોને નીચેના લેખોથી પ્રાપ્ત થયેલો :

(૧) ભજગોવિંદમ્ સ્તોત્ર (ચર્પટ પંજરિકા) (૨) નર્મદાષ્ટક (૩) ॐ सहनाववतु અને अहम् वैश्वानरो भूत्वा... (૪) રૂક્મિણીજીના (શ્રીકૃષ્ણને) પત્રનો આધ્યાત્મિક અર્થ (૫) વેદના શાંતિમંત્ર (૬) મૃત્યુનું સ્વાગત : એક પ્રતિભાવ.

ઉપરાંત પૂજ્ય શ્રીમોટા સાથે સંકળાયેલ શ્રી હેમંતકુમાર નીલકંઠ દ્વારા સંસ્કૃતમાં ૨૦૦ શ્લોકનું રચાયેલ कृपायाचनम् માંથી પસંદગીના સો શ્લોકના કુરંગીબહેન દેસાઈ દ્વારા કરાયેલ ગુજરાતી ભાષાંતરના પ્રકાશન ‘કૃપાયાચના શતક’નું આમુખ સદ્‌ગતશ્રીએ ઉમળકાથી લખી આપેલ.

હરિઃૐ આશ્રમ, સુરતના પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહના પ્રકાશનોની તેમજ ‘હરિભાવ’ની મુદ્રણશુદ્ધિની શ્રી જયંતીભાઈ જાનીની કામગીરીમાં સદ્‌ગતશ્રીનો ઉલ્લેખનીય સહયોગ ઉપલબ્ધ હતો.

આ પ્રકારે ‘હરિભાવ’ના શુભેચ્છક, સહાયક અને માર્ગદર્શક એવા સદ્‌ગતશ્રીનું શ્રીહરિ સર્વ પ્રકારે યશકલ્યાણ પ્રેરે એવી અમારી ભાવપૂર્વકની પ્રાર્થના છે.

**-સંપાદક**



## સૌને સહાયક બનો

ભિન્ન રંગનાં પુષ્પોની માળાને એકત્ર રાખનાર અંદર છુપાયેલા દોરાની એકતા તરફ લક્ષ રાખીને, એ રંગબેરંગી પુષ્પોનાં સૌંદર્ય અને ખુશબોને માણવાનાં છે.

એકતાની ભાવના અંતઃકરણમાં જાગ્રત કરી, તમે બધાં એકબીજાનાં પૂરક બનો, એકબીજાનાં સુખ-દુઃખોમાં સાથે ઊભાં રહો, એકબીજાની અડીઅડચણોમાં માત્ર લૂખી હમદર્દી નહિ, પણ જીવંત સક્રિય સાથ આપો અને પરમાત્માએ આપેલી સાધનશક્તિ અને ભક્તિ સાથે એકબીજાની વહારે દોડી જાઓ. અને આ વિષમ ગણાતા સંસારને એક સરળ, સુંદર અને અમૃતમય બગીચો કરી મૂકો, એવી મારી અંતરની પ્રાર્થના અને આશિષ છે.

- શ્રીરંગ અવધૂત

'જગત્સુહૃદ', પ્ર. આ., પૃ. ૨૪૩

**HARIBHAV, AUGUST - 2018**
"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



## ભલા ભયા જો ગુરુ મિલા, નહીં તો હોતી હાંણ,
## દીપક જોત પતંગ જયું, પડતા પુરી જાંન.

(ભલું થયું કે મને ગુરુ મળ્યા, નહિ તો પતંગિયું જેમ બાતી જોઈ તેનાથી લલચાઈ, તે ઉપર બેસવા જતાં પોતાનો જાન ગુમાવે છે, તેમ હું પણ આ દુનિયાની માયા ઉપર મોહેલો રહેતે અને નાશ પામી જતે)

## કહત સુનત જુગ જાત હય, બિષે ન સૂઝે કાળ,
## કબીર કહે રે પ્રાંનિયા, સાહેબ નામ સંભાળ.

(કહેતાં અને સાંભળતાં કંઈ જુગો ચાલી ગયા પણ માણસ ઈન્દ્રિયોના વિષયોમાં - કેફમાં પડ્યો રહેવાથી તેને સૂઝતું નથી કે માથા ઉપર કાળ (મોત) ઊભેલો છે, માટે હે જીવ ! હવે ઈશ્વરનું નામ જ સાચવી રાખ !)

'કબીરવાણી', પ્ર. આ., પૃ. ૪૬

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com